

વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની શ્રી લક્ષ્મીનારાયણ દેવની
સંસ્થાનું સમસ્ત સત્સંગ સમાજનું માસિક

# શ્રી વડતાલધામ સત્સંગ

વર્ષ : ૮, અંક : ૮, ઓગષ્ટ - ૨૦૧૭











## શ્રીહરિએ કરેલ જળઝીલણી એકાદશી ઉત્સવની લીલા વિશેષાંક

# પુરરાહત

**બાનાસકાંઠામાં તાજેતરમાં થયેલ અતિવૃષ્ટિબાદ શ્રીહરિની**
**"હજારો ફૂડ પેકેટ" તૈયાર કરીને સરકારશ્રીના**















આજ્ઞાનુસાર રાહતકાર્ય કરવામાં આવેલ. **વડતાલધામ** અને **સારંગપુરધામ** મુકામે માર્ગદર્શન અનુસાર **સંતો-સ્વયંસેવકો** સેવાકાર્યમાં સહભાગી બન્યા.























દિવ્ય સમાચાર

વડતાલ મંદિરમાં ભગવાનના હાથમાં છત્રી

શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા ૪૦,૦૦૦ ફૂડ પેકેટ તૈયાર કરવામાં આવ્યા

...તના પૂરગ્રસ્તોના વહારે ખેડા જિ...
ધાર્મિક સંસ્થાઓ

રામપુરા સ્વામિનારાયણ મંદિર દ્વારા ૪૦ હજાર ફૂડ પેકેટ તૈયાર કરાયા

તા. ૨૯-૭-૨૦૧૭

...લ સ્વામિનારાયણ મંદિર દ્વારા ...૦૦ ફૂડ પેકેટ તૈયાર કરાયા

વડતાલ સ્વામિનારાયણ મંદિર ...હજાર ફૂડ પેકેટ તૈયાર કરવામાં...



**વડતાલ મંદિર**માં નૂતન **શ્રીહરિકૃષ્ણ ધાર્મિક સ્ટોર** એવં **નૂતન બેકરી**માં પધરામણી કરતાં
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી સાથે પૂ.સંતો તથા ઉપસ્થિત સમગ્ર સ્ટાફ. તા. ૧૩/૭/૨૦૧૭



**વડતાલ મંદિર**માં નૂતન **શ્રી હરિકૃષ્ણ ભોજનાલય**માં નૂતન બંને **સિંહાસન**માં આરતી કરતા
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી સાથે પૂ.સંતો તથા ઉપસ્થિત સમગ્ર સ્ટાફ. તા.૧૩/૭/૨૦૧૭




**વડતાલ મંદિર** સંચાલિત વિનામૂલ્યે સારવાર આપતી **શ્રી સ્વામિનારાયણ હોસ્પિટલ**ની મુલાકાતે
પધારેલા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી સાથે પૂ.સંતો એવં સમગ્ર સ્ટાફ. તા.૧૩/૭/૨૦૧૭



**વડતાલધામમાં શ્રાવણમાસ** ''ભક્તિવંદના'' પૂર્વક ઉજવાયો. નિત્ય સર્વમંગલ મંત્રાવલી દ્વારા તુલસીદલથી
**શ્રીહરિકૃષ્ણ મહારાજનું પૂજન** થયું એવં જનમંગલ નામાવલી દ્વારા આહૂતિઓ આપીને **યજ્ઞ** કરવામાં આવ્યો.

Web Site :

**www.vadtalmandir.org**

E-mail address :

**vadtaldhamvikas@gmail.com**

## Subscription

(india)

5 Year ₹. 250/-

20 Year- ₹. 500/

For Other Countries

(airmail) ₹. 6750/-

**Year - 8**
**Volume - 8**
**August - 2017**



॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# Shree Vadtaldham Satsang

## અનુક્રમણિકા


૧. **શ્રીહરિએ કરેલ જળઝીલણી એકાદશી ઉત્સવની લીલા**
સંપાદક :- પ્રો.હરેન્દ્ર ભટ્ટ - વિદ્યાનગર, સાધુ શ્યામવલ્લભદાસ-વડતાલ ૬

૨. **સત્સંગ સમાચાર** ૨૦

૩. **શ્રી હરિકૃષ્ણ મહારાજ આદિક દેવોના થાળ તથા સંતોની રસોઈની યાદી જુલાઈ - ૨૦૧૭** ૨૫

૪. **વડતાલ સંસ્થાન દ્વારા ચાલતા ફરતા દવાખાનાની વિગત જુલાઈ ૨૦૧૭** ૨૫

૫. **સંપ્રદાયના આગામી કાર્યક્રમો** ૨૮


**OWNER:** Vadtal Temple Managing Trustee Board, Vadtal, **PUBLISHER / PRINTER & EDITOR:** Chief Executive Kotharishree Shashtri Shree Ghanshyamprakashdasji Swami Guru Kothari Shri Nandkishordasji Swami **PUBLISHED & PRINTING :** Shree LaxmiNarayandev Offset Press, **AT & POST:** Vadtal, Tal. Nadiad, Dist. Kheda, Gujarat Pin: 387375, **Phone:** (0268)2589728,776

# શ્રીહરિએ કરેલ જલઝીલણી એકાદશી ઉત્સવની લીલા

સંપાદક :- પ્રો.હરેન્દ્ર ભટ્ટ - વિદ્યાનગર,
સાધુ શ્યામવલ્લભદાસ - વડતાલ

વિક્રમ સંવત મુજબ ભાદરવા સુદ એકાદશીને જળઝીલણી એકાદશી કહેવામાં આવે છે.

આ અગિયારસને **જળઝીલણી અગિયારસ** કેમ કહેવાય છે?

એક માન્યતા અનુસાર ભગવાને ચોમાસાના શુધ્ધ જળને ઝીલ્યું, તેથી તે **જળઝીલણી પર્વ** કહેવાયું.

ચોમાસામાં નદી, તળાવમાં નવાં જળ આવ્યાં હોય એટલે ઠાકોરજીને હોડીમાં પધરાવીને જળવિહાર



કરાવવો તે પર્વ એટલે **જળઝીલણી ઉત્સવ.** વૈષ્ણવોની આ સેવારીતિ છે.

## ગણપતિજીનું પૂજન અને વિર્સજન

આ દિવસે પૂજનપૂર્વક ગણપતિની માટીની ચલમૂર્તિ નદી, તળાવ કે સમુદ્ર કિનારે ધામધૂમથી લાવવામાં આવે છે. પૂજન બાદ તેનું વિસર્જન કરવામાં આવે છે.

## ઠાકોરજીની જળક્રિડા

આ દિવસે ભગવાનની ચલ મૂર્તિને નદી, તળાવના કિનારે પાલખીમાં બેસાડી ધામધૂમપૂર્વક લઈ જવામાં આવે છ. પૂજા બાદ નૌકામાં પધરાવી જળક્રિડા ઉત્સવ કરવામાં આવે છે. વિધિપૂર્વક પૂજા પછી ભક્તો પાંચ આરતી ઉતારે છે. કાકડીનો પ્રસાદ જળમાં નાંખે છે. સાથે સાથે નવું પાણી વરસાવી ભગવાને નદી-નાળાં છલકાવી દીધાં, તેથી તેમનો આભાર માને છે.

## પાર્શ્વપરિવર્તિની એકાદશી

**જળઝીલણી એકાદશી**ને પાર્શ્વપરિવર્તિની એકાદશી પણ કહેવામાં આવે છે.

ભગવાન દેવશયની એકાદશીએ શયન કરે છે અને દેવપ્રબોધિની એકાદશીએ જાગે છે. પરંતુ **જળઝીલણી એકાદશી**એ ભગવાન પડખું (પાર્શ્વ) બદલે છે, પરિવર્તન કરે છે. આથી આ એકાદશીને પાર્શ્વપરિવર્તિની એકાદશી પણ કહેવાય છે.

## જુદા જુદા નામો

**જળઝીલણી એકાદશી**નાં પુરાણોમાં જુદાં જુદાં નામો પણ જાણવા મળ છે. વામન એકાદશી, પરિવર્તિની એકાદશી, પદ્મા એકાદશી, (રાજસ્થાનમાં) ડોલી એકાદશી, વગેરે

## અન્ય માન્યતાઓ

પુરાણો એમ કહે છે કે, શયન કરતા વિષ્ણુ આ દિવસે પડખું બદલે છે.એમ પણ કહેવાય છે કે, આ દિવસે માતા યશોદાએ ભગવાન શ્રીકૃષ્ણનાં વસ્ત્ર ધોયાં હતાં.

આ દિવસે ભગવાન વિષ્ણુના વામન સ્વરૂપની પૂજા કરવામાં આવે છે. ભગવાન વિષ્ણુના દશ અવતાર પૈકી શ્રી ભગવાન વામનનો આ પ્રાગટ્ય દિન પણ છે.

એક કથા અનુસાર, ત્રેતા યુગમાં બલિરાજા પાસે ભગવાન વિષ્ણુ વામન અવતાર ધારણ કરીને રાજા બલિ પાસે ત્રણ પગલાં ધરતીની માગણી કરે છે. બલિરાજા ધરતી આપે છે અને તેની ભક્તિ તથા સત્ય પાલનથી ભગવાન વિષ્ણુ પ્રસન્ન થઈ વચન આપી તેમનું દાસત્વ સ્વીકારે છે. ભગવાન વિષ્ણુ એક સ્વરૂપે પાતળમાં બલિરાજા પાસે રહે છે અને બીજે સ્વરૂપે

ક્ષીરસાગરમાં શેષનાગ ઉપર પોઢે છે. આ દિવસે મંદિરોમાં ઉજવણી થાય છે; ભગવાન વિષ્ણુને પાલખીમાં બેસાડી શોભાયાત્રા કાઢવામાં આવે છે. મંદિરની બહાર એમને સ્નાન કરાવવામાં આવે છે.

ભગવાન શ્રીકૃષ્ણની એક લીલા પણ આ ઉત્સવ સાથે જોડવામાં આવી છે. એમ કહેવાય છે કે, ભગવાન શ્રીકૃષ્ણ હોડીમાં બેસાડીને યમુના નદીમાં સહેલ કરવા લઈ ગયેલા. એ લીલા આજના દિવસે જીવંત બનાવાય છે. ભગવાનને હોડીમાં બેસાડીને જળયાત્રા અને સ્નાન કરાવાય છે.

**જળઝીલણી ઉત્સવ**ની શરૂઆત દશમને દિવસે થાય છે અને પૂર્ણાહુતી બારશને દિવસે થાય છે.

## 'સત્સંગિજીવનમાં' ઉલ્લેખ

શતાનંદ મૂર્તિ 'સત્સંગિજીવન' ગ્રંથ (પ્રકરણ ૩, અધ્યાય ૩૩, શ્લોક ૧૦૫,૧૦૬) માં 'પદ્મા એકાદશી' વ્રત વિશે લખે છે. કે; ભાદરવા માસના શુકલ પક્ષની પદ્મા નામે એકાદશી છે. તેના અપરાજીતા દેવીએ સહિત ઋષિકેશ ભગવાન પૂજનીય દેવ છે. તેમની કેવડાના પુષ્પોથી પૂજા કરવી. અર્ધ્યદાનમાં કોળું અર્પણ કરવું. નૈવેદ્યમાં તલસાંકળી ધરાવવી તેમજ બ્રહ્મપુરીનું દાન કરવું.'

## સુદ પુરાણમાં પરિવર્તિની એકાદશી માહાત્મ્ય

યુધિષ્ઠિર રાજા પૂછે છેઃ ભાદરવા મહિનાના શુકલ પક્ષને વિષે ક્યા નામની એકાદશી થાય છે? તેના કયા દેવ છે? તે તે કરવાથી શું પુણ્ય થાય છે? તે મને કહો....

શ્રીકૃષ્ણ બોલ્યાઃ હે યુધિષ્ઠિર રાજા! મોટા પુણ્યવાળી, સ્વર્ગને દેનારી, મોક્ષ આપનારી તથા સર્વ પાપોને હરનારી ઉત્તમ એવી વામન નામની એકાદશી કહું છું, તે સાંભળો. હે યુધિષ્ઠિર રાજા! આ વામન એકાદશીને વામન જયંતી પણ કહે છે અને આ એકાદશીના શ્રવણ માત્રથી જ સર્વ પાપોનો ક્ષય થાય છે. હે યુધિષ્ઠિર રાજા! ઉત્તમ એવી આ જયંતી એકાદશીનું વ્રત, પાપીઓના પાપનું શમાવનારું છે. આ એકાદશીથી શ્રેષ્ઠ અને મોક્ષ દેનારી બીજી કોઈપણ એકાદશી નથી. હે યુધિષ્ઠિર રાજા! આ કારણથી પોતાની સદ્‌ગતિ ઈચ્છનારાઓએ અને મારે વિશે તત્પર એવા મારા ભક્ત વૈષ્ણવોએ આ એકાદશી કરવી.

ભાદરવા મહિનાને વિશે જેઓએ વામન પૂજા કરી, તેઓએ ત્રણ જગત (ત્રણ લોક)ની પૂજા કરી, એમાં કંઈ પણ સંદેહ નથી. અને તે રીતે પૂજન કરનારાઓ વિષ્ણુની સમીપમાં જાય છે. ભાદરવા મહિનાના શુધ્ધ પક્ષને વિષે વામન જયંતી એકાદશીને દિવસે જે મનુષ્યે કમળ વડે કરીને પદ્મ સરખા નેત્રવાળા વામન ભગવાનને પૂજ્યા છે, તે મનુષ્યે સઘળું જગત અને પ્રાચીન એવા ત્રણે દેવો પૂજ્યા છે. આ કારણથી હે યુધિષ્ઠિર રાજા! આ વામન ભગવાનનો દિવસ અર્થાત આ જયંતી એકાદશીનો દિવસ અવશ્ય કરવો. આ જયંતી એકાદશી કરનારને, પછી ત્રણ લોકની અંદર કશું પણ કરવાનું રહેતું નથી. વળી આ એકાદશીને દિવસે સૂતેલા ભગવાન પડખું ફેરવે છે; તેથી સઘળા



લોકો આ એકાદશીને પરિવર્તિની પણ કહે છે.

યુધિષ્ઠિર રાજા પૂછે છે, 'હે શ્રીકૃષ્ણ! આ બાબતમાં મને એક મોટો સંશય ઉત્પન્ન થયો છે, તે પ્રશ્ન સાંભળીને તેનો ખુલાસો કરો. હે દેવોના ઈશ્વર! તમે શા માટે સુઓ છો? અને શા માટે પડખું ફેરવો છો? હે દેવોના ઈશ! હે પ્રભુ! તમે શા સારુ બલિ નામના અસુરને બાંધ્યો? એ મારા સર્વ સંશયને તમે હરો.'

શ્રીકૃષ્ણ બોલ્યા, 'હે રાજાઓમાં શ્રેષ્ઠ યુધિષ્ઠિર રાજા! પાપને હરનારી આ એકાદશીની ઉત્તમ કથા હું કહું છું, તે સાંભળો.'

હુ યુધિષ્ઠિર રાજા! સર્વે ત્રેતાયુગને વિશે બલિ નામે

એક મોટો દાનવ હતો. તે બલિ મારો ભક્ત થઈને મારે આધીન રહેતો હતો. વળી તે નિત્ય મારી પૂજા કરીને જુદી જુદી રીતના જપ અને સૂકતોથી મારું ભજન કરતો હતો. તે બલિ નિરંતર બ્રાહ્મણોની પૂજા કરનારો ને અંતઃકરણથી યજ્ઞનાં કર્મ કરનારો હતો, પરંતુ ઈન્દ્રનો દ્વેષ કરનારો હોવાથી મેં દેવતાઓને જે લોક આપ્યો હતો. તે લોકને જીતીને વળી આ પૃથ્વી પરના લોકને પણ જીતી લીધો, એ રીતે દેવલોક અને પૃથ્વી પરનો લોક બલિએ જીતી લીધો. તે પછી સઘળા દેવો એકઠા થઈને વિચાર કરવા લાગ્યા કે, હવે આપણે બધાએ ભેગા મળીને સમર્થ એવા વિષ્ણુ ભગવાનની પાસે વિજ્ઞાપના કરવા જવું. એમ નિશ્ચય કરીને સર્વ દેવતાઓ તથા ઋષિઓની સાથે ઈન્દ્ર, પ્રભુ એવા વિષ્ણુ ભગવાનની



પાસે ગયા. ત્યાં ઈન્દ્ર મસ્તકથી પૃથ્વી પર પ્રણામ કરી, બુહસ્પતિને દેવતાઓની સાથે સૂકતોથી સ્તુતિ કરીને બહુ પ્રકારે મારી (શ્રી કૃષ્ણની) પૂજા કરી. એટલે વામન સાથે મેં પાંચમો અવતાર ધારણ કર્યો. અર્થાત કશ્યપ ઋષિને ત્યાં અદિતિને પેટે વામનરૂપે અવતરીને, બાળક એવા મેં વામનજીએ તે બલિને જીત્યો. તેમ તે બલિ પણ પોતાના સત્યને વળગી રહ્યો. તે વખતે મેં બ્રહ્માંડ રૂપી અતિ ઉગ્ર સ્વરૂપ ધારણ કરીને તે બલિ રાજાનું સઘળું ધન હરી લઈ, ઈન્દ્રને આપીને પછી તે બલિ રાજાને પાતાળનું રાજ્ય આપ્યું.

યુધિષ્ઠિર રાજા પૂછે છે, હે દેવોના ઈશ! તમે વામનરૂપ ધારીને તે અસુરને કેવી રીતે જીત્યા ? એ સર્વ લીલા તમારો ભક્ત એવો જે હું, તેને વિસ્તારથી કહો.

શ્રીકૃષ્ણ બોલ્યાઃ હે યુધિષ્ઠિર રાજા! મેં વામનજીનું નાનું રૂપ ધારણ કરીને પછી તે બલિરાજાની પાર્થના કરી કે, હે બલિરાજા! ત્રણ પગલાં જેટલી જ પૃથ્વી મને આપો, તેથી તમે ત્રણ લોક આપવાના પુણ્યને પ્રાપ્ત થશો. એમાં કંઈપણ વિચાર કરવા જેવું નથી. આ રીતે મેં પ્રાર્થના કરી ત્યારે તે બલિરાજાએ ત્રણ પગલાં પૃથ્વી મને આપવા માટે સંકલ્પ કર્યો. જેવો બલિરાજા એ સંકલ્પ કરવા માંડ્યો કે, સંકલ્પ માત્રથી જ વામનજીનો દેહ અતિ વધ્યો. તે વામનજીએ ભૂલોકમાં પગ કર્યો. ભૂવલોકની અંદર ઘુંટણ કર્યો. સ્વર્ગલોકમાં કેડ કરી, માહ લોકમાં પેટ કર્યું, જનલોકમાં હૃદય કર્યું, તપલોકમાં કંઠ કર્યો. સત્યલોકમાં મુખ કર્યું, અને તેમના ઉપર મસ્તક રાખ્યું, તે વખતે ચન્દ્ર, સૂર્યાદિ ગ્રહો, સર્વે યોગો, નક્ષત્રોનો સમૂહ, ઈન્દ્ર સહિત દેવતાઓ, શેષ વગેરે નાગો અને બીજાઓ પણ વેદથી થયેલાં જુદા જુદાં સુકતો વડે મને વખાણવા લાગ્યા. તે વખતે મેં બલિરાજાનો હાથ ઝીલીને તેને વચન કહ્યુંઃ હે પાપથી રહિત બલિરાજા! મેં મારા એક પગલાથી તો પૃથ્વી ભરી લીધી ને બીજા પગલાથી સ્વર્ગ ભરી લીધું. હવે ત્રીજું પગલું કયાં મૂકું? તેની જગા બતાવો.

એટલે તે બલિરાજાએ તરત પોતાનું માથું ધર્યું. એટલે હે યુધિષ્ઠિર રાજા! મેં ત્રીજો પગ તેના માથા પર મૂકીને, મારી પૂજા કરનારાને બલિ દાનવને રસ્તાતાળ પાતાળમાં ખેંચી ઘાલ્યો. તો પણ તે બલિરાજાને વિનયથી નમ્ર થયેલો જોઈને મેં કહ્યું, હે માનને આપનારા બલિ! જનોએ પામવા યોગ્ય અથવા પ્રાર્થના કરવા યોગ્ય એવો હું, તારા પર પ્રસન્ન થયો છું. તેથી હું અષાઢ મહિનાની શુકલ પક્ષની પ્રબોધની એકાદશીના દિવસ સુધી નિરંતર તારી પાસે ને પાસે જ રહીશ. આવું વચન તે જ વખતે મોટા ભાગ્યવાળા અને વિરોચનના પુત્ર એવા તે રાજાને આપ્યું.

આ ઉપરથી મારી એક મૂર્તિ, ચોમાસાના ચારે મહિના સુધી બલિરાજાનો આશ્રય કરીને બલિના દ્વારમાં ઉભી રહે છે. હે યુધિષ્ઠિર રાજા! મારી બીજી મૂર્તિ, સુમદ્રોમાં ઉત્તમ એક ક્ષીર સમુદ્રને વિશે અષાઢ મહિનાની શુકલ પક્ષની પ્રોબધની એકાદશી આવે ત્યાં સુધી સૂઈ રહે છે. આ રીતે ભાદરવા મહિનાના શુકલ પક્ષની પરિવર્તિની એકાદશીનું આખ્યાન મેં તને કહ્યું.

આ કારણથી હે યુધિષ્ઠિર રાજા! પાપોને હરનારી પવિત્ર અને મોટા પુણ્યવાળી એવી આ પરિવર્તિની એકાદશી પ્રયત્નથી કરવી. આ પરિવર્તિની એકાદશીને દિવસે ત્રણ લોકના પિતામહ એવા બ્રહ્મદેવને પૂજીને રૂપાની તથા ચોખાની સાથે દહીંનું દાન કરવું. પરિવર્તિની એકાદશીના દિવસે રાત્રિના જાગરણ કરવાથી માણસ મુક્તિ પામે છે. હે યુધિષ્ઠિર રાજા! જે મુનુષ્ય સર્વ પાપોને હરનારું, ભોગને દેનારું, મોક્ષને આપનારું અને સુંદર એવું આ પરિવર્તિની એકાદશીનું વ્રત જે કરે છે, તે દેવલોકને પામીને ચંદ્રમાના જેવો શોભે છે. જે મુનષ્ય પાપને હરનારી એવી આ ઉત્તમ કથાને સાંભળે છે, તે મનુષ્ય હજાર અશ્વમેઘ યજ્ઞના ફળને પામે છે.

(આધારઃ એકાદશી માહાત્મ્ય, ગુરુકુળ રાજકોટ, પૃ.૧૦૭થી ૧૧૦)

## 'એકાદશી માહાત્મ્ય' ની કથા


મંજૂકેશાનંદ સ્વામી 'એકાદશી માહાત્મ્ય' માં **જળઝીલણી એકાદશી** વિશે 'ભાદરવા સુદી પદ્મા એકાદશી માહાત્મ્ય' (કડવું ૫૯,૬૦) માં લખે છે;

વળી નારદ મુનિએ આપ રે, પુછ્યું બ્રહ્મને થઈ નિષ્પાપ રે,
હે પિતા હું છું તવ દાસ રે, તમે વેદતણા છો પ્રકાશ રે. ૧.
માટે ભાદરવા શુદી જેહ રે, કહો કોણ એકાદશી તેહ રે,
કહે બ્રહ્મા સુણો તમે વાત રે, કહું કથા પુરાણી વિખ્યાત રે. ૨.
તેને શ્રવણે કરીને વિશાળ રે, સર્વે પાપ બળે તત્કાળ રે,
નિજ ધર્મે સહિત કરે વ્રત રે, તેહ થાય પવિત્ર ત્રત રે. ૩
સૂર્યવંશી રાજા માંધાતા રે, પૂજા કેરો પ્રગવત ત્રાતા રે,
સત્યવાદી ને પુત્રવાન રે, ધર્મ પાળી ભજે ભગવાન રે. ૪
તેના દેશ વિશે કોઈક કાળ રે, અનાવૃષ્ટિ થઈ વિકરાળ રે,
ત્યારે નૃપતિ તે કરી આશ રે, ગયા અંગિરા મુનિને પાસરે. ૫
જાઈ મુનિવરને નામી માથ રે, આતો ઉભા જોડીને બેઉ હાથ રે,
મુનિ કહે કેમ આવ્યા નરેશ રે, સુખી છે કે નહિ તવ દેશ રે. ૬
એમ પુછિયું મુનિવરે જ્યારે રે, કર જોડી કહું નૃપે ત્યારે રે,
ધર્મે કરી મેં પાળી છે મહી રે, પણ દેશમાં વૃષ્ટિ થઈ નહીં રે. ૭
(પદરાગ સામેરીઃ કે છે એમ લોક સૌવાલી દૂત કહે રઘુનાથને એ ઢાળ)

### પદ - ૧૪

સુણી મુનિ રાજાની વાણી, તેજ સમે મુનિ, ધ્યાનમાં બેઠા, નિજમન સ્થિર આણી. સુણી.
દેશમાં વૃષ્ટિ ના થઈ રે, તેનું કારણ જાણી
પિશચ કેરા તપથી, થઈ વૃષ્ટિની હણી. સુણી-૧
તે પાપે તવ દેમાંરે, નવ થયું પાણી
તેનો દોષ નિવારવા, કહું વ્રત હું પ્રમાણી. સુણી-૨
ભાદરવા શુદ પક્ષની રે, એકાદશી પ્રાણી
વ્રત કરી અધ ટાળીયાં, એ સાચી એંધા. સુણી-૩
એ વ્રતને તમે કરો રે, સુખદાયક જાણી
મંજૂકેશાનંદ કહે એમ, મુનિએ કરી કાણી. સુણી-૪

### ઢાળ બીજો - કડવું- ૬૦



એવાં મુનિનાં વચન સત્ય માની, પદ્મા એકાદશી સુખદાની
એનું વ્રત કર્યું તતકાળ, ભક્તિ પૂર્વક રાજા વિશાળ. ૧
પુષ્પ ચંદને કરી જોય, પૂજ્યા નારાયણ મુદ હોય
હરિ આગે કર્યા દીપ ધૂપ, ધર્યા નૈવેદ્ય પરમ અનુપ. ૨
વશ રાખી ઈન્દ્રિયો ને મન, વ્રત રહ્યા એકાદશી દન
કર્યું જાગરણ પ્રેમ સમેત, ધાર્યા અંતરજોગ નિકેત. ૩
ગાઈ કીર્તન રાત્યને ટાળી, પ્રેમે ભજ્યા અખંડ વનમાળી
આવ્યો બારમાનો દિન જ્યારે, નાઈ પૂજા કરી નૃપ ત્યારે. ૪
પછી સાધુને બ્રાહ્મણ જોય, ઘેર તેડી જમાડ્યા સોય
દીધાં બ્રાહ્મણને બહુ દાન, કીધાં પારણાં નૃપ બુધ્ધિવાન. ૫
તેથી દોષ મટી ગયો જ્યારે, થઈ દેશમાં વૃષ્ટિ તે ત્યારે

એમ બ્રહ્મને નારદ કેરો, કહ્યો સંવાદ કૃષ્ણે ઘણેરો. ૬
તેને સાંભળીને ધર્મરાય, અતિ રાજી થયા મનમાંય
કરી બ્રહ્માંડ પુરાણ વિષે, મંજૂકેશાનંદ કહી નિશે. ૭

નારદ મુનિએ બ્રહ્માજીને ભાદરવા સુદી અગિયારશ વિશે પૂછ્યું. બ્રહ્માજીએ એક પુરાણી વાત સંભળાવી. ધર્મવંશી રાજા માંદ્તા પ્રજાપિય, સત્યવાદી અને પુત્રવાન હતો. ધર્મ પાળીને ભગવાનનું ભજન કરતો. તેના દેશમાં કોઈ સમયે અનાવૃષ્ટિ વિકરાળ થઈ, ભયંકર દુષ્કાળ પડ્યો. ત્યારે માંધાતા રાજા અંગિરા મુનિ પાસે એક આશા લઈ ગયા. અંગિરા મુનિને પ્રાર્થના કરતાં માંધાતા રાજાએ અરજ કરી કે, ધર્મ પાળું છું છતાં વરસાદ થતો નથી. એ સાંભળી અંગિરા મુનિ માંધાતા રાજાના દેશમાં વરસાદ કેમ નથી થતો તેનું કારણ જાણવા



ધ્યાનમાં બેઠા. પિશાચે તપ કર્યું તેથી માંધાતા રાજાના રાજ્યમાં વરસાદ થયો નથી તેવું અંગિરા મુનિએ જાણ્યું. આ દોષ નિવારવા અંગિરા મુનિએ વ્રત આપ્યું. ભાદરવા સુદ એકાદશીએ વ્રત કરવાનું મુનિએ જણાવ્યું. માંધાતા રાજાએ મુનિની આજ્ઞા માની ભાદરવા સુદી એકાદશીએ પદ્મા એકાદશી વ્રત કર્યું. ભગવાન સમક્ષ ધૂપ દિપ કર્યા; એકાદશી કરી; રાત્રે જાગરણ પણ કર્યું. જાગરણ દરમિયાન કીર્તન ગાઈ ભગવાનને પ્રેમે ભજ્યા. બીજે દિવસે બારશના રોજ, રાજાએ સ્નાનદિદ વિધિ પતાવી સાધુ-બ્રાહ્મણને ઘરે તેડાવી જમાડ્યા ને દાન દીધાં. આ વ્રત કરવાથી દોષનું નિવારણ થયું અને વરસાદ પણ થયો. આમ, બ્રહ્માજીએ નારદજીને ભાદરવા સુદી એકાદશીના માહાત્મ્યની કથા કહી.

## મેથાણમાં જળઝીલીણી મહોત્સવ

વાઘજી ભગતે તેમના ગ્રંથ ‘શ્રી પુરૂષોત્તમ ચરિત્ર પુષ્પમાળા’ (ભા-૨, ગુચ્છ ૬, પુષ્પ-૧૭) મા શ્રીહરિએ મેથાણમાં ઉજવેલ જળઝીલણી મહોત્સવનું વર્ણન કર્યું છે. વાઘજી ભગત લખે છે:

પછી બેઠા સભામાંહી શ્યામ, કહે સાંભળો જન તમામ ।
કાલે એકાદશી વ્રત એનું, જળઝીલણી નામ છે જેનું ॥૪૦॥
મહાવ્રતનું મહાત્મ્ય જોઈ, ફળાહાર ન કરશો કોઈ ।
લખ્યું પ્રમાણે વાત વિશેષ, તેનો સાર સુણાવું છું લેશ ॥૪૧॥
દેવપોઢી ને જળઝીલણી, ત્રીજા પ્રબોધની શિરોમણી ।
કરે જાગરણ ને ઉપવાસ, મહાપાતક પામે વિનાશ ॥૪૨॥
કોટી યજ્ઞ તણું ફળ થાય, એવો ત્રણેનો છે મહિમાય ।
માટે બાઈ ભાઈ સહુ જાવો, વાળુ કરી સભામાંહી આવો ॥૪૩॥

શ્રીજી મહરાજે મેથાણમાં એક સમે સૌ સંત-હરિભક્તને જળઝીલણી એકાદશી ઉજવવા આજ્ઞા કરી. શ્રીજી મહારાજે કહ્યું, આ મહાવ્રત છે માટે કોઈ ફરાળ કરશો નહિ.શ્રીજી મહારાજે કહ્યું, દેવપોઢી - જળઝીલણી અને પ્રબોધની એ ત્રણ શિરોમણી એકાદશીઓ છે. આ ત્રણેય પર્વ પર જે જાગરણ અને ઉપવાસ કરે છે તેની સામે મહાપાતક વિનાશ પામે છે. આ ત્રણેય એકાદશી, શાસ્ત્રોમાં કહ્યાં મુજબ કરવાથી, યજ્ઞ કરવા જેટલું ફળ મળે છે. આ ત્રણ એકાદશીનો મહિમા એવો છે.

## વાઘજી ભગત આગળ વર્ણવે છે :

પળવાર પોઢ્યા મહારાજ, કુકડાનો ત્યાં સુણ્યો અવાજ ॥૬૮॥
બોલ્યા પ્રભાતિયા સહુ સંત, ઝબકીને જાગ્યા ભગવંત ।
પછી ગાતા વાતા સહુ સાથ, નાવા ગયા તળવામાં નાથ ॥૬૯॥
સ્વામિનારાયણ નામ તણી, તીયાં ધુન્ય કરાવી છે ઘણી
નાખ્યાં શ્રીફળ કાકડી નાથે, ચાર ઘડી નાહ્યા, સંત સાથે ॥૭૦॥
કોરાં વસ્ત્ર પેર્યાં ભગવાન, જને કર્યું પ્રભુનું પૂજન ।
અમદાવાદ શહેર નિવાસી, પ્રભુ દર્શનના બહુ પ્યાસી ॥૭૧॥
તેહ સમે આવ્યા સહુ દાસ, સાથે આવ્યા સ્વામી રામદાસ ।
હળીમળી પૂછ્યા સમાચાર, પછી આવ્યા છે ગામ મોઝાર ॥૭૨॥
અલૌકિક ઉચ્છવ એ કીધો, બહુ જનોએ લ્હાવો એ લીધો ।
અજા પટેલ ને જીવાભાઈ, એહ આદિક સત્સંગી ત્યાંઈ ॥૭૩॥
પધરાવ્યા ભુવન ભુવન, કર્યા પ્રભુને બહુ પ્રસન્ન ।
ચતુર્ભુજ મંદિરમાંય, પ્રભુને પધરાવ્યા છે ત્યાંય ॥૭૪॥

આખો દિવસ ગામમાં ફર્યા, બીજા દિવસે પારણાં કર્યાં ।
કર્યા સહુ જનોને પ્રસન્ન, પછી શું કર્યું ત્યાં ભગવન ॥૭૫॥

મેથાણમાં **જળઝીલણી એકાદશી**ને દિવસે, કૂકડો બોલતાં, શ્રીહરિ જાગ્યા અને સંતોએ પ્રભાતિયાં ગાયાં. સંતો-ભક્તો સાથે શ્રીહરિ તળાવે નાવા ગયા. આખા રસ્તે સૌએ કીર્તન ગાયાં. તળાવે, શ્રીહરિએ સ્વામિનારાયણ તણી ધૂન કરાવી. ચાર ઘડી સંતો સાથે શ્રીહરિએ સ્નાન કર્યું. શ્રીહરિએ કાકડી અને શ્રીફળ પધરાવ્યાં. શ્રીહરિએ નવાં વસ્ત્રો પહેરતાં, સૌએ તેમનું પૂજન કર્યું. એ સમયે અમદાવાદ શહેરના હરિભક્તો દર્શને આવ્યા. **જળઝીલણી એકાદશી**ના અલૌકિક મહોત્સવનો સૌએ લાભ લીધો. અજોભાઈ અને જીવાભાઈએ શ્રીહરિની પ્રત્યેક ઘરમાં પધરામણી કરાવી, ચતુર્ભુજ મંદિરમાં પણ, આખો દિવસ ગામમાં ફરી, શ્રીહરિએ સૌને પ્રસન્ન કર્યા.

## ગઢડામાં જળઝીલણી ઉત્સવ

ગઢડામાં શ્રીહરિએ **જળઝીલણી ઉત્સવ** સં.૧૮૭૧, સં.૧૮૭૩, સં.૧૮૭૪, સં.૧૮૭૬, સં.૧૮૭૭, સં.૧૮૭૮ , સં.૧૮૮૦, સં.૧૮૮૨, સં.૧૮૮૩, સં.૧૮૮૫ અને સં.૧૮૮૬માં ઉજવ્યાનું જાણવા મળે છે. (અનાદિ મુક્તરાજ દાદાખાચર, પૃ.૪૦૨ થી ૪૦૫)

## ગઢડે ઘેલ્યામાં જળ ઝીલ્યા

માધવદાસજી સ્વામીએ 'શ્રીહરિ કૃષ્ણ લીલામૃત સાગર' માં (તરંગ૧૧૮) માં શ્રીહરિએ 'ગઢડે ઘેલામાં **જળ ઝીલ્યા'** તેનું વર્ણન કર્યું છે.

## ચોપાઈ


વળી કહું મારા વાલાની વાત, સાંભળવા જેવી છે તે સાક્ષાત ॥
**જળઝીલણી**માં જગજીવન, મારો પ્રભુ થયા છે પ્રસન્ન ॥ ૧ ॥
મુખે બોલ્યા શ્રીજી મહારાજ, વાલોજી જળ ઝીલવાને કાજ ॥
નાંખ્યા ઘોડલડે તે પલાણ, ઝીલવાને ત્યાર કર્યા વાણ ॥ ૨ ॥
વાલે પેર્યો સુરવાળ રે શ્વેત, પાઘ બાંધી શોભા તેરી દેત ॥
અંગે પેર્યા વાલે શ્વેત વાઘા, ચાલ્યા આવ્યા મંડળમાં આઘા ॥ ૩ ॥
વાલો ચડ્યા ઘોડે સુખધામ, પુરૂષોત્તમ પૂરણકામ ॥
તાલ મૃદંગ વાજાં વાજે, ઢોલ ત્રાંસા નગારાં સમાજે ॥ ૪ ॥
માઈ કીર્તન ગાતાં ગાતાં, એમ આવે છે ઉત્સવ થાતા ॥
ઊભી બજારે એમ ઉત્સવ થાયે, કરે કલોલ મનુષ્ય ન માવે ॥ ૫ ॥
મેડી હવેલી હાટોહાટ, એમ આવે તે ઉભી વાટ ॥
એમ આવે ઉગમણી બાજુ થઈ, આવ્યા ગોવિંદ ઘેલામાં નઈ ॥ ૬ ॥
ચડી ટેકરે બેઠા છે હરિ, આણે ગાવણું સભા કરી ॥
ઘણા ઘણા સંત ઘેલામાં નાય, મચી ભીડાભીડ મનુષ્ય ન માય ॥ ૭ ॥
બેઠા ધાર ઉપર કિરતાર,પછી ઘોડે થયા અસવાર ॥
ઉત્સવ ગાવણું આરતી થાય, કરે જાગરણને રાત જાય ॥ ૮ ॥
થયું સવાર ને નાહ્યા છે નાથ, ત્યાં તો પરધાર્યા સહુ સંત સાથ ॥
કર્યા થાળ જમ્યા કિરતાર, જોયા જમતા તે જગઆધાર ॥ ૯ ॥

દોરા

ઉત્સવ ઝીલ્યા જાગરણ કર્યા, એ લીલા ઉપર ધરે જહે ॥
તનનો તાપ ટાળી કરી, સુખિયા થાય એહ ॥ ૧૩ ॥

## વાસુદેવચરણ સ્વામીનું વર્ણન

વાસુદેવચરણ સ્વામીએ 'હરિચરિત્રચિંતામણિ' (કિરણ - ૧૭ ) માં ગઢડા ખાતે ઉજવાયેલ એક



**જળઝીલણી ઉત્સવ**નું નિરૂપણ કર્યું છે. પ્રથમ તે માણીએ :


## પૂર્વછાયોઃ

શ્રી સહજાનંદ સ્વામીએ, કરી લીલા ગઢડે અપાર;
ઉત્તમના દરબારમાં, તેને સંભારવી વારંવાર ૧
દીધા દર્શન બહુ દાસને, ગઢપુર વા'લે વસી;
ઠાકોરને **જળ જીલવાની,** આવી અવલ એકાદશી ૨

## ચોપાઈ

બેઠા શ્વેત વસ્ત્ર વા'લો પે'રી, શિર શોભે તે પાઘ સોનેરી;
ફુલ ગજરા બાજુબંધ હાર, પે'ર્યા સુંદર ધર્મકુમાર ૩
ગુચ્છ તોરા છોત્રાં મેલ્યા માથે, ફૂલ દડો ઉછાળે હરિ હાથે;
પે'રી મોતીની ગળે માળા, બેઠા ઓસરિયે દીનદયાળા ૪

અવધવાસી સંત બ્રહ્મચારી, પાળા હરિજનની ભીડ ભારી;
ધર્યું છત્ર સોનેરી માથે, ચાલ્યા ઠાકોર ઝુલવા સાથે ૫
ઝાંઝ મૃદંગને શરણાઈ, ભેરી ભૃંગળ વાજા સુખદાઈ;
ગાય કીર્તન સંતજન ઘણા, થાય ભડાકા બંધૂક તણા૬
ચાલે ધીરા ધીરા ઘનશ્યામ, કરે દર્શન તે સર્વે ગામ;
વળી દર્શન કરવા તે ઘડી, આવ્યા વિબુધ્ધ (દેવો) વિમાન ચડી.૭
કરે પુષ્પ વૃષ્ટિ અમર, વ્યોમે અતિ મેધાડમર;
શોભે સંત મધ્યે સહજાનંદ, ઉડુગણ મધ્યે જેમ ચંદ ૮
બહુ મનુષ્યે શેરી સધન (ભીડવાળી), જુએ અમૃતદષ્ટિએ જીવન;
સુંદર વીંઝણો ઢોળું હું વાય, નીરખી નાથને આનંદ થાય. ૯
આવ્યા ઉત્મત્ત ગંગા માંઈ, પીળીયે મધરિયે ધરે સાંઈ;
ઝૂલ્યા ઠાકોર ત્યાં બહુવાર, પોતે ઝુલાવે જગઆધાર ૧૦



અતિ નિર્મળ ગંગાનું વારી, કરે લીલા તેમાં વા'લો ભારી;
મારે ડબડી તે દીનદયાળ, કરે દર્શન સર્વે મરાળ (સંતો) ૧૧
વા'લો જળમાં આવતાં જણાય, જેમ દર્પણમાં મુખ દેખાય;
પેલી શીખા તે ઉપર દીસે, કરવા દર્શન હરિજન દીસે. ૧૨
પછી ઉભા રહે જળમાંઈ, ગવગાવે કીર્તન ત્યાંઈ;
પાડે તાળી તે સર્વે સાથ, ભેળા તાળી પાડે પોતે નાથ. ૧૩
થાય આનંદ ઉત્સવ અતિ, ઝીલે તે ગંગામાં સંત પતિ;
એવી શોભા તે વેદ વખાણે, જેણે દીઠી હોય તેહ જાણે ૧૪
બહુવાર નાય પોતે સ્વામી, ઉન્મત્ત ગંગામાં અંતરજામી;
નાહી બાર્ય નીસ્તરે જ્યારે નાથ, ઝીલે ભીમભાઈ હરિનો હોથ ૧૫
નારી નીસરે વા'લોજી બા'ર, પે'રે કોરો ખેસ તેહ વાર;
પેર્યો સરવે તે સુહાઘ (પહેરવેશ), છોગું મેલી માથે બાંધી પાઘ ૧૬
લઈ ફુલ તણા શણગાર, આવ્યા ઉકો હરજી તે વાર;
પે'ર્યા પ્રભુજી થઈ પ્રસન્ન, ચડી ઘોડે દિવ્યે દર્શન ૧૭
સુરજ મુખી છત્ર માથે છાજે, જરિયાની નિશન વાજાં વાંગે;
ચાલ્યા ભક્ત મધ્યે ભગવાન, મોટી બજારે તે સુખનિધાન ૧૮
ઘણા ધોળ મંગળ ગવાય, સંત મધ્યે શોભે મુનિરાય;
આવ્યા દરબારમાં એમ વા'લો, બેઠા લિંબ છાંયે ધર્મલલો ૧૯
થઈ સંતની સભા ત્યાં ભારી, ઊભા હરિજન અનેક નરનારી;
મધ્યે બેઠા તે શ્રીજગવંદ, શોભે તારામાંહી જેમ ચંદ ૨૦
બેઠા તકિયે અઢેલી નાથ, ગાય કીર્તન મુનિજન સાધુ;
વા ઢોળી વાલમજીને નીરખું, જોઈ છાગે હૈયે ઘણું હરખું ૨૧
કર્યું જાગરણ તે મુનિરાજ, પછી પોઢવા પધાર્યા મહારાજ;
સુંદર ઓરડીમાં રોજ બિછાવી, પોઢયા શ્રી ઘનશ્યામ ત્યાં આવી ૨૨

ગઢડા ખાતેના વાસુદેવચરણદાસજી સ્વામીએ અહીં **જળઝીલણી મહોત્સવનું** એક જ પાસું વર્ણવ્યું છે. શ્રીહરિ ઘેલા નદીએ સ્નાન કરવા જાય છે, પરત આવે છે તેની વાત અહીં કરી છે. સ્વામીને તો માણીગરની ભવ્યતા જ માણવી હતી, તે માણી ને આનંદિત થાય છે.

## ગઢડા ખાતે જળઝીલણી ઉત્સવમાં ગણપતિ વિસર્જન

પ્રસાદાનંદ સ્વામીએ 'શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત' (ઉત્તરાર્ધ, વિશ્રામ ૫૨) માં **'જળઝીલણી ઉત્સવ**માં ગણપતિ વિસર્જન' ગઢડા ખાતે એક સમે થયું તેનું વર્ણન આપ્યું છે:

'... જાગીને જળના કોગળા કરી મોજડી પહેરીને ચાલ્યા તે લાલજીને મેનામાં બેસાર્યા ને ગણપતિ ઉપાડ્યા. અને ઢોલ શરણાઈઓ વાગી રહી છે, તે ઝાંજમૃદંગ લઈને ઉત્સવિયા ઉત્સવ કરે છે. તે સંત, બ્રહ્મચારી, અયોધ્યાવાસી, પાળાને હરિજન, તેમણે સહિત મહારાજ ગઢાળીને આરે થઈને ચાલ્યા, તે ખળખળિયાથી ઉગમણી કોરે જે ધરો છે તેમાં વહાણ તૈયાર કરાવીને પધરાવ્યા. અને આરતી ઉતારી ને બંદૂકના અવાજ થાવા માંડ્યા. અને ઉત્સવ થાય છે ને

ઠાકોરજીને વહાણમાં બેસાડીને વહાણ ફેરવે છે ને ગણપતિને જળમાં પધરાવ્યા ને લાલજીને પાછા મેનામાં પધરાવ્યા. અને સંત હરિજન સર્વે નાયા ને ઉત્સવ કરતા થકા દરબારમાં પધાર્યા અને ઉગમણા બારના ઓરડીની ઓસરીએ ઢોલિયે બિરાજ્યા. અને ઉત્સવિયા, ઢોલ ને શરણાઈ વાગી રહ્યું છે ને લાલજીને ગામમાં પધરામણીએ લઈ ગયા. પધરામણી કરીને આવ્યા ને ઉત્સવિયા મહારાજની પાસે ઉત્સવ કરવા બેઠા. પછી ઉત્સવિયાને ફૂલના હાર આપીને મહારાજ ઉતારે પધાર્યા ને વસ્ત્ર ઉતારીને ઢોલિયે બિરાજ્યા. અને કથાનો આરંભ કરાવ્યો ને ત્રણ-ચાર અધ્યાય થયા ત્યારે કથા રખાવીને પોઢ્યા....' (પૃ.૧૩૫૧-૫૨)

## જળઝીલણીના સમૈયે દાદા ખાચરે થાળમાં જમીન આપી.

(હ.ચ.ચિ.૨/૨૭૬)

સુમાબાઈની વોંકળી અને પીપળના માર્ગ વચ્ચે ચારેકોર થોરની વાડ હતી. ને તેની અંદરની જે જમીન તે ઓરિયાની કહેવાય છે ને તે જમીન, ગોપીનાથજી મહારાજ પધરાવ્યા તેના થાળમાં દાદાખાચરે આપી. ને તે દિવસ **જળઝીલણી એકાદશી** હતી. તેથી મહારાજે જરિયાની વસ્ત્ર ધારણ કર્યા ને માણકીયે સ્વાર થયા. ને ઠાકોરજીને પાલખીમાં બેસાડીને વાજા તથા હથિયારબંધ પાળાઓ અને સાધુ, બ્રહ્મચારી, હરિજને સહિત ઉમગણે ખોપાળાને ઝાંપે નિસર્યા. ને પછી ઈચ્છારામભાઈને દેન દીધેલ છે તે જગ્યાએ ગયા. ને ત્યાં પાણીની પાટ્યમાં લાલજીને ઝુલાવ્યા. ને પછી લાલજીને પાછા પાલખીમાં પધરાવ્યા. ને મહારાજ તમામ જરિયાની વસ્ત્ર ઉતારીને વહાણમાં બેસીને ફર્યા. ને વહાણ ઉપરથી ધુબકો મારીને ઘેલા નદીના મોટા સરિયાન ધરામાં મહારાજ નાહ્યા. ને તે વખતે સંત,હરિજન,બ્રહ્મચારી, પાળા વગેરે સર્વે નાહ્યા. ને મહારાજે ત્યાં તાળીઓ પાડીને અરધી કલાક સુધી નારાયણ ધુન્ય કરાવી ને તે વખતે મંદ, શીતળ ને સુગંધ વાયુ વાવા લાગ્યો. ને આકાશને વિષે વાદળાંની ઘટા ચડી. ને મંદમંદ વરસાદ વરસવા લાગ્યો. ને ગર્જના તથા વીજળી થવા લાગી ને મહાઆનંદકારી જયકાર પ્રવર્ત્યો.

## મુક્તમુનિએ પૂજન કરીને ગાન કર્યું.


પછી મહારાજ જળથી બહાર આવ્યા. ને શ્વેત સુંદર ઝીણી ધોતી પહેરી. ને મસ્તકે પાઘ બાંધી. ને શ્વેત ચાદર ઓઢી. તે વખતે મુક્તાનંદ સ્વામીએ ચંદનની અર્ચા કરી. ને મોગરાના પુષ્પનો હાર કંઠથી ચરણારવિંદ સુધી લાંબો પહેરાવ્યો. ને પછી હાથ જોડી પોતાના કરેલા પદ બોલ્યા જે , 'છોડી કે શ્રીકૃષ્ણ દેવ ઓરકી જો કરું સેવ, કાટીડારો કર મેરો તીખી તરવાર



સે.' તે સાંભળીને મહારાજ ઘણા પ્રસન્ન થયા. તે વખતે ત્યાં ઉભેલા હજારો માણસ, ચંદનનો વરસાદ થયો તે જોઈ બહુ આશ્ચર્ય પામ્યા. ને મહારાજે પોતાનો તમામ જરિયાની પોશાક દાદાખાચરને આપ્યો. ને તેને પહેરાવ્યો. ને પોતે જે હાર પહેર્યો હતો તે પણ બેવડો કરીને દાદાખાચરની ડોકમાં નાખ્યો. ને મુક્તાનંદ સ્વામીને આજ્ઞા કરી જે, "ઠાકોરજીને મંદિરે લઈ જાઓ." ત્યારે ગામના હરિજનોએ મહારાજને સ્તુતિ કરીને કહ્યું, 'અમારે ઠાકોરજી ઘેર પધરાવવા છે.' ત્યારે મહારાજ કહે, "ભલે લઈ જાઓ." પછી ઠાકોરજીને લઈને સૌ ગામમાં ગયા. (૨૭૬/૧)

## દાદાખાચરે જમીન શ્રીકૃષ્ણાર્પણ કરી : સમર્પણ.

ને પછી મહારાજે દાદાખાચરને કહ્યું, "એભલખાચરે તમારું કાંડુ મને સોપ્યું છે, તે માટે તમે મારા પુત્ર છો ને અમે તમારા પિતાની જગ્યાએ, માટે તમે જે આ જમીન ગોપીનાથજીને થાળમાં અર્પણ કરી છે તેને ફરતા અમે અને તમે બેય આંટો દઈએ. ને પછી તેનો લેખ તુલસી સહિત ગોપીનાથજી મહારાજના આચાર્ય રઘુવીરજીને અર્પણ કરો.'' ત્યારે દાદાખચરે તે આજ્ઞા માથે ચડાવી. ને પ્રથમ ઘેલાને કાંઠેથી પીપળને મારગે આવ્યા તે વોંકળી સુધી ને વોંકળીથી ઉત્તરાદા ચાલ્યા ને પછી વોંકળીને કાંઠે આથમણા ચાલ્યા તે જે જગ્યાએ પ્રથમ ઉભા હતા તે જગ્યાએ આવ્યા. તે વખતે



મહારાજ તથા દાદાખાચર અડવાણે પગે ચાલ્યા હતા, એટલે મહારાજને પગલે પગલે પુજા શેઠે ચરણરજ લઈ ફાંટ બાંધી, તે જોઈ મહારાજ હસ્યા. ને પછી સીધા તે જમીનની વચ્ચે અરધ આથમણી ને અરધ ઉગમણી રાખી ઉત્તર મુખે ચાલ્યા ત હાલ જ્યાં ભક્તિબાગનો કૂવો છે, ત્યાં આવ્યા. ને પછી રઘુવીરજી મહારાજ ભેગા હતા તેને બોલાવીને જમીનનો લેખ તુલસીપત્ર સાથે દાદાખાચરે શ્રીકૃષ્ણાર્પણ કર્યો. ને પછી ત્યાંથી ચાલ્યા. તે દક્ષિણાદે પડખે જ્યાં ઢોરો છે ને ખોરડું કરેલું છે, તે જગ્યાએ મહારાજ ઝાઝી ઘડી રેશમના ઘાશિયા ઉપર બિરાજમાન થયા. ને પછી માણકી ઘોડી ઉપર ચડી તે બધી જમીનમાં ઘોડીને દોડાવી, પંદર આંટા ખવરાવ્યા. ને પછી જે જગ્યાએ ભક્તિબાગનો કૂવો છે, ત્યાં પાછા આવ્યા, ને ત્યાં ખાટલા ઉપર મહારાજ બિરાજમાન થયા. ને દાદાખાચર સામું જોઈને બોલ્યા જે, "આ જમીન તમે દેવને અર્પણ કરી તેનું મહામોટું પુણ્ય થયું છે, ને તેથી તમે છતે દેહે અક્ષરરુપ થઈ ગયા છો. ને એભલખચારનો સંકલ્પ અત્યારે પુરો થયો.'' એમ કહીને દાદાખાચરને મળી હૃદયને વિષે ચરણારવિંદ આપ્યા, ને વાંસો ઠબકારી કહ્યું, "તું મારો ખરો પુત્ર.'' એમ કહીને મહારાજ તથા દાદાખાચર અને તમામ પાર્ષદો ઘોડે ચડીને દરબારમાં આવ્યા.

(હ.ચ.ચિં.૨૭૬/૨.)

## જલઝીલણીનો ઉત્સવ અને ભગવાનના સંબંધની શ્રેષ્ઠતા

(હ.ચ.સા.૨૨/૩૮) સં.૧૮૭૮ ભાદરવા સુદ - ૧૧ ના દિવસે જ્યારે મધ્યાહ્નનો સમય થયો ત્યારે ભગવાન શ્રીહરિ બાલમુકુંદ લાલજીને જળમાં ઝુલાવવા માટે આવ્યા. ૧. એક સારી સુખપાલમાં બાલમુકુંદ લાલજીને પધરાવ્યા અને ગણપતિજીને પાટ ઉપર બેસાડ્યા. પછી તે બંનેને લઈને ચાલતા થયા. ૨.હરિભક્ત વિપ્રો સુખપાલ ઉપાડીને ચાલ્યા. સંતો ઝાંઝ અને મૃદંગ લઈને ઉત્સવ કરતા ચાલ્યા. ૩. શ્રીહરિ લાલજીની આગળ આગળ ચાલતા હતા. અને જેટલા પાર્ષદો હતા તે બંદૂકો ફોડતા હતા. ૪. ઢોલ,તાંસા, રણશિંગી, તુરાઈ, ભેરી, ભુંગળ અને શરતાઈ વગેરે વાજિંત્ર વાગતાં હતાં. જેટલા પચરંગી નિશાન હતાં તે બધાં આગળ આગળ ચાલતાં હતાં. ૫. ગઢપુર ગામની રાજબજારમાં સહુ ચાલ્યા. બધા પુરવાસી લોકો બજારમાં આવીને ઉભા રહ્યા. ૬. લાલજીનાં દર્શન, શ્રીહરિના દર્શન તથા ગણપતિજીનાં દર્શન કરવાં માટે લોકો આવ્યાં હતાં. આવી બાબત ક્યારેય કોઈએ દેખી ન હતી. ૭. શ્રીહરિ ઉન્મત્તગંગાએ આવ્યા. દરવાજાની પાસે જ ગંગાનો પ્રવાહ હતો. ત્યાં

ત્યારે પાણી ઘણું ઉંડું રહેતું. ત્યાં તરતું વહાણ દેખાયું. ૮. ગામના જે ભાવસાર હતા તે બધા ત્યાં કપડાં ધોતા હતા, પણ ચોમાસામાં ધોતા નહિ, તેથી ત્યાં પાણી સ્વચ્છ હતું. ૯. શ્રીહરિ આવીને ઉન્મત્તગંગાને કિનારે બેઠા. ત્યારે શ્રીહરિએ સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ત્યાં સંતો અને હરિભક્તો પણ આવીને બેઠા. ૧૦. તે સમયમાં કોઈ એક સંત ફૂલના દસ-બાર જેટલા હાર લઈને આવ્યા અને શ્રીહરિને ઘણા પ્યારથી પહેરાવ્યા. ૧૧. તોરા તથા બાજુબંધ ધરાવ્યા. કાન ઉપર ગુચ્છ ધર્યા અને એક ગુચ્છ હાથમાં દીધો. રંગભીના શ્રીહરિ તે ગુચ્છ સૂંઘવા લાગ્યા. ૧૨. પછી શ્રીહરિએ તે સંતને પૂછ્યું કે, 'તમે અમને જે હાર પહેરાવ્યા તે લાલજીને ધરાવીને પહેરાવ્યા? ૧૩. સંતને તે વાતની ખબર ન હતી. પણ શ્રીહરિએ તો સંતોને વાત જણાવવા માટે પૂછ્યું હતું. ત્યારે તે સંત પ્રેમથી બોલ્યા, ૧૪. 'મહારાજ, હાર તો લાલજીને ધરાવ્યા ન હતા. ત્યારે તરત જ શ્રીહરિએ તે બધા હાર તોડીને નીચે જમીન ઉપર ફેંકી દીધા. ૧૫.(પછી શ્રીહરિ બોલ્યા જે,) જ્યારે પૃથુ ભગવાનનો અવતાર થયો ત્યારે તેમણે ભગવાનની મૂર્તિની સેવા રાખી હતી, અને તેઓ મૂર્તિનું સન્માન સહુથી અધિક રાખતા હતા. ૧૬. ભગવાનના કેટલાક અવતારો આચાર્યના રૂપમાં થાય છે અને કેટલાક વિપ્રના રૂપમાં અવતાર ધારે છે, તે વખતે તેઓ અપાર સમર્થ હોય છે. ૧૭. આટલી વાત શ્રીહરિએ કરી. (પૃ.૨૨, તરંગ-૩૦)

પછી બાલમુકુંદ લાલજીને વહાણમાં આગળ પધરાવ્યા અને તેમની આરતી કરી. ૩૬. પછી ગણપતિજીને વહાણમાં લઈને ગંગામાં પધરાવી દીધા. અને ઠાકોરજીને ગંગાના પાણીમાં ઝુલાવ્યા. ૩૭. જ્યારે લાલજી **જળ ઝીલી**ને બહાર આવ્યા ત્યારે શ્રીહરિ ગંગાજળમાં નાહ્યા. જે સંતો અને હરિભક્તો નાહ્યા ન હતા તે બધા પછી શ્રીહરિની સાથે નાહ્યા. ૩૮. જ્યારે શ્રીહરિ નાહી રહ્યા અને બહાર નીકળીને વસ્ત્ર પહેર્યા ત્યારે જીવા ખાચરે શ્રીહરિની પાસે આવીને કહ્યું, ૩૯. 'હે મહારાજ ! આપ, બાલમુકુંદ લાલજી તથા સહુ સંતો અને હરિભકતોને લઈ અમને પોતાના જાણીને ઘણા ભાવથી અમારા દરબારગઢમાં પધારો. ૪૦. પછી શ્રીહરિ જીવા ખાચરના દરબાર તરફ ચાલ્યા. આગળ બધાં વાજિંત્રો વાગતાં હતાં, તે રીતે ઘણા ભાવથી ત્યાં પહોંચ્યા. ૪૧. જેટલા તેમના ભવન હતા ત્યાં બધે લાલજીને પધરાવ્યા અને જીવા ખાચરે શ્રીહરિને રાજી કરવા માટે લાલજીની પૂજા કરી. ૪૨. જ્યારે લાલજીની પૂજા કરી રહ્યા તે પછી મોટા દરબારના બોરીચા અટકના જે ભાવિક આહીર હતા, તેમણે પોતાના જેટલા ઘર હતા ત્યાં લાલજીની પધરામણી કરી અને અતિ હેતથી ભાવપૂર્વક તેમની પૂજા કરી. ૧-૨. પછી ગઢપુર




ગામના જેટલા હરિભક્તો હતા તે સહુએ ઘણા ભક્તિભાવથી લાલજીની ઘેર ઘેર પધરામણી કરી. ૩. પછી દાદા ખાચરના દરબારમાં આવ્યા. તેમણે પણ જેવો પોતાનો ભાવ હતો તે પ્રમાણે લાલજીની પૂજા કરી. ૪. પછી શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં જે ઓરડાઓ છે ત્યાં સાંજે અને સવારે સતં, વર્ણી તથા હરિભક્તોની સભા કરતા હતા. સહુને ઘણા સ્નેહભાવથી રોજ રોજ દર્શન દેતાં હતા. તે સભામાં નિત્ય ભગવાન સંબંધી કીર્તન અને વાતો થયા કરતી હતી. ૫ - ૬. (હ.ચ.સા.પૃ.૨૨/૩૮)

## (હ.લી.૪/૬) શ્રીહરિએ પીપલાણામાં શ્રીરામાનંદસ્વામી સાથે કરેલો જળઝીલણી ઉત્સવ

**ચોપાઈ :**

**જળઝીલણી** તો આવિ જ્યારે, થયો સારો સમૈયો તે વારે;
દેશ દેશના હરિજન આવ્યા, ભલી ભેટ સામગ્રિયો લહ્વ્યા...૧૦૩
રામાનંદે પૂજ્યા ગણપતી,થયું અચરજ એ સમે અતી;
સૌએ દીઠા ગણેશને ઠામ, ધર્મપુત્ર પ્રભૂ ઘનશ્યામ...૧૦૪
કોટિ સૂર્ય શશી સમ તેજ, દીઠું શીતલ સુંદર એ જ;
ઘણી વાર તે તેજ જણાયું, પછી વર્ણિના તનમાં સમાયું...૧૦૫
સૌન અચરજ લાગ્યું અતીશે, વરણીનો પ્રતાપ તે દીસે;




ગયા ઠાકોર **જળ ઝીલવાને**, ગણનાથને પધરાવવાને...૧૦૬
વરઘોડો ચડ્યો ઘણો સારો, મળ્યા જોવાને લોક હજારો;
વાંજા વિવિધ પ્રકારનાં વાજે, તેથી અવની ને આકાશ ગાજે...૧૦૭
વાજે ત્રાંસા ને તાલ મૃદંગ, શરણાઈ ઉપંગ ને ચંગ;
કોઈ ગાય બજાવિને તાળી, રચના થઈ રૂડી રુપાળી...૧૦૮
બહુ ઉડે અબીર ગુલાલ, થયો આકાશ એ થકી લાલ;
વળી ત્યાં બહુ બંદૂકો છૂટે, જેમ ધાણી કડાઈમાં ફૂટે...૧૦૯
નદી ઓઝત તીર વિચરી, **જળ ઝીલવાની** ક્રિયા કરી;
ગણનાથને ત્યાં પધરાવ્યા, પછી સૌ મળી પુરમાં આવ્યા...૧૧૦
સમૈયો કરીને શુભ પેર, જન સર્વ ગયા નિજ ઘેર;
દસરાનો દિવસ પછી આવ્યો, ત્યારે ઉત્સવ સારો કરાવ્યો...૧૧૧
(હ.લ.૭/૪૮)

## શ્રીહરિએ વડતાલમાં કરેલો જળઝીલણી ઉત્સવ

આવી ઝીલણી ત્યાં એકાદશી, વૃષનંદનને મન વશી;
સારી રીતે સજી અસવારી, ગયા ટાડણસર ગિરધારી...૧૪
કર્યું મજ્જન તેમાં ઉમંગે, જળકેળી કરી સખા સંગે;
આવ્યો દસરા તણો દિન જ્યારે, સમી પૂજવા નીસર્યા ત્યારે...૧૫

## પ્રેમાનંદ સ્વામીએ કરેલ શ્રીહરિની આ લીલાનું વર્ણન

**રાગ : ગરબી પદ - ૧**

શ્યામ ઝિલાવા ઘનશ્યામ ઝિલ્વા, ચાલોને સૈયરો જાઈએ રે...ટેક
કોડે કોડે ઘનશ્યામને આગે, ઝાંઝ મૃદંગ લઈ ગાઈએ રે-ઘન.૧
સુંદર મુજબ ઘનશ્યામકુંવરનું, નીરખીને પાવન થાઈએ રે-ઘન.૨
શ્યામ સુંદરવર ઝીલે જમુનામેં, હરખે ભર્યા ભેળા નાઈએ રે-ઘન.૩
પ્રેમાનંદનો વહાલો લૂંટાવે ચીભડાં, લૂંટી ઝૂટીને ખાઈએ રે-ઘન.૪

**પદ-૨**

શ્યામ પધાર્યા ઘનશ્યામ પધાર્યા, ઝીલવા જમુનાના નીરમાં રે...ટેક
વસ્ત્ર આભૂષણ પહેર્યા કોડિલે, સુંદર શ્યામ શરીરમાં રે-ઘન.૧
ચૌદે ભુવનની શોભા આવીને, ઉદય થઈ છે બળવીરમાં રે-ઘન.૨
ત્રિભુવનવાસી જોવાને આવ્યા, ભીડ થઈ જમુના તીરમાં રે-ઘન.૩
પ્રેમાનંદ કહે રૂપ જોઈ રસિકનું, રહેતું નથી મન ધીરમાં રે-ઘન.૪

**પદ-૩**

શ્યામ ઝિલાવા ઘનશ્યામ ઝિલાવા, આવ્યા મુનિ ઉમંગમાં રે...ટેક
નીરખ્યા નેણા ભરી ધર્મકુંવરને, પ્રેમ નથી માતો અંગમાં રે-ઘન.૧
મુનિમંડળ ભેળા ઝીલે છે નીરમાં, રસિયો ઉછાળે જળ રંગામાં રે-ઘન.૨
અખિલ ભુવનપતિ નટવર નાગર, શોભે મુનિના સંગમાં રે-ઘન.૩
પ્રેમાનંદ કહે કરે પુષ્પની વૃષ્ટિ, સુર વિમાન ચઢી ખમ્માં રે-ઘન.૪

**પદ-૪**

નેણાં લોભાણાં મારાં નેણાં લોભાણાં, જોઈ છેલા ઘનશ્યામને રે...ટેક
શી રે વખાણું શોભા અંગોઅંગની, લજ્જા પમાડ્યા કોટી કામને રે-૧
હેતે હસીને વાલે મોહની રે નાંખી, કીધું ઘેલું ગોકુળ ગામને રે-૨
ગોકુળવાસી ઘેલા રે થઈને, ફરે કેડે તજી ધામને રે-૩
પ્રેમાનંદ કહે પ્રેમમગન થઈ, વારીવરી જાઉં એના નામને રે-૪

## મુક્તાનંદ સ્વામીના દાણલીલાનાં પદમાં જળઝીલણી ઉત્સવ

### ૧. પદ-૧ (રાગ:સારંગ)

નાઓ ચઢે વ્રજચંદ,
નવલ પિયા નાઓ ચઢે વ્રજચંદ્ર
શોભાધામ રસિક નંદનંદન,
નીરખત હોત આનંદ ...ટેક
ભાદ્ર શુકલ એકાદશી કે દિન,
યમુના જળમહિં શ્યામ
નાઓ બેઠી દધિદાન ચૂકાવત,
સુખનિધિ શોભાધામ...નવલ.૧
ગોપીજન મન હરન શ્યામરો,
જળ મધ્ય કરત વિહાર
મુક્તાનંદ કો નાથ રમાપતિ,
અખિલભુવન આધાર...નવલ.૨

### ૨. પદ-૨

નૌકા મેં ઘનશ્યામ,
વિરાજત નૌકા મે ઘનશ્યામ
ધ્વજ તોરનજુત નાઓ મનોહર,
સબવિધ શોભાધામ...ટેક
યુમના જળ મધ્ય નાઓ ચલાવત,
ગાવત વૈષ્ણવવુંદ
વિવિધભાંતિ વાજીંત્ર બજાવત,
પાવત પરમાનંદ...વિરાજત.૧
વ્રજવાસી જળ મધ્ય આરતી,
કીની હે અતિ મુદ પાય
મુક્તાનંદ કે પ્રભુ કી અલૌકિક,
યા છબી બરની ન જાય...વિરાજત.૨

### ૩. પદ-૩

નૌકા મે નંદલાલ ઝૂલત,
આજ નૌકા મેં નંદલાલ ઝૂલત
વ્રજવાસી નરનારી મુદિતમન,
નીરખત રૂપરસાળ...ટેક
ભવ બ્રહ્માદિક આયે દર્શહિત,
છાયે હે ગગન વિમાન
ગંધર્વ ગાન કરત અતિ સુંદર,
રીઝત શ્યામ સુજાન ...ઝૂલત.૧
સુમનવૃષ્ટિ સુરરાજ કરત હે,
નાચત સુરત્રિયા વુંદ
મુક્તાનંદ કો પ્રભુ યમુના મધ્ય,
ખેલ કરત સુખકંદ...ઝૂલત.૨

### પદ - ૪




સોહત શ્રીઘનશ્યામ,
નાઓ પર સોહત શ્રીઘનશ્યામ;
કોટિમદન મદહરન મનોહર,
મૂર્તિ અતિ અભિરામ...ટેક
ભાલ તિલક કેસર કો સોહે,
ઉર વૈજયંતિ દામ;
સુંદર વદન કમળદલ લોચન,
સબવિધ શોભાધામ...નાઓ.૧
સબ સુખસદન માધુરી મુરત,
વ્રજજન કો વિશ્રામ;

મુક્તાનંદ કહે રહોરી દગન બિચ એહી છબી
આઠું જામ...નાઓ.૨

### ૪. પદ-૧ (રાગ : સારંગ)

દાની બને નંદલાલ,
નવલપિયા દાની બને નંદલાલ
કાલિંદી તટ સંગ સખા લે,
કરત હે ખેલ વિશાલ...ટેક
ગોરસ વેચન જાત ગોપીકા,
તેહી રોત ભગવાન
ઠાઢિરે મૈયારી હમારો,
દીજીએ દધિકો દાન...નવલ.૧



દાન દીયે બિન જાનન પૈહો, એહી હમારી બાત
મુક્તાનંદ કે પ્રભુ ગોપીન સો,
યું બોલે સાક્ષાત્...નવલ.૨

### ૫. પદ-૨

નયેજુ ભયે તુમ દાની,
કનૈયા આજ નયેજુ ભયે તુમ દાની
અબ લગી આવત જાત ડગર મેં,
દાન કી રીત ન જાની...ટેક
નયે નયે ફેલ કીયે નંદનંદન,
હોવત લાજ કી હાની
રાહ ચાલત પરનારી ન રોકો,
નટવર છેલ ગુમાની...કનૈયા.૧
તુમ નૃપ કંસ કી શંક ન માનત,
ધુમ કરત મનમાની
મુક્તાનંદ કે નાથ તુમા'રી,
નાંહી નિભે રાજધાની...કનૈયા.૨

### ૬. પદ-૩

દાન કે મિષ પરનારી,
ન રોકિયે દાન કે મિષ પરનારી
દાન કો નામ લેત તુમ મુખ સેં,
ઈચ્છા ઓર તુમા'રી...ટેક
જો અબ ઝઘડા બો'ત કરોગે,
રસિકછેલ ગિરિધારી
લુંગી ખેંચ કારિયા મુરલી,
હસી હેં ગોપી દે તારી...ન રોકિયે.૧
એસો જોર જુલમ ના કીજે,
નટવર કુંજવિહારી
મુક્તાનંદ નાથ દુર રહો,
માનો બાત હમારી...ન રોકિયે.૨

### ૭. પદ-૪

તે અતિ કરત ગુમાન;
ગુજરિયા તે અતિ કરત ગુમાન;
જોબન કે બલ જોર જનાવત,
દેત ન મેરો દાન...ટેક
મહા કી મટુકિયા છિનકે તેરો,
અબહી ગર્વ ઉતારું
દધિભાજન સબહી ગોપીન કે,
ચૂરચૂર કર ડારૂં...ગુજરિયા.૧
દાન દિયે બિન નવલ નાગરી,
કોઉ ન છુટન પૈહો.....
મુક્તાનંદ કો પ્રભુ કહે મેરો,
વાંછિત કર ઘર જૈહો...ગુજરિયા.૨

## બ્રહ્માનંદ સ્વામીના પણ જળજાત્રાનાં પદ

**પદ : ૧ રાગ વેલાવલ**

જલમેં ઝૂલત શ્યામળો, બ્રજરાજ બિહારી;
નીરખે હેતે નાથને, મળી ગોપ કુમારી...જ.૧
રવિમંડળ વિલસી રહ્યો, કલિ કમળ વિકાસી;
જીવન જોવા કારણે, આવ્યા વ્રજવાસી...જ.૨
લહરી નિર્મળ નીરની, અતિ પ્યારી લાગે;
જોઈ વદન જદુરાયનું, ભવનું દુઃખ ભાગે...જ.૩
સર્વે મળીનો સુંદરી, ઘેરે સૂર ગાવે;
નટનાગરને નીરખવા, ઈંદ્રાદિક આવે...જ.૪
જળ જાત્રા જગદીશની, ભાવે જેણે ભાળી;
બ્રહ્માનંદ અંતર વસ્યા, તેને વનમાળી...જ.૫

**પદ :૨**

જળજાત્રા જદુરાયની, સખી જોવા ચાલો;
જમુનાજીના નીરમાં, નહાય છે નંદલાલો...જ.૧
સંગ સર્વ ગોવાળિયા, ગોપી સર્વે સાથે,
નીર હિલોળે નાથજી; પોતાને હાથે...જ.૨
ઈંદ્રાદિક સુર આવિયા, જોવાનો કાજે;
રંગભર જળક્રીડા રસી, રસિયે વ્રજરાજે...જ.૩
ગોપતણે ગળે બાંહડી, નટવરજી નાંખી;
એ છબી જોઈ અતિશય ઠરે, અંતર ને આંખી...જ.૪
બ્રહ્માનંદના નાથની, જળ રમત જોઈનો;
રસિયાજીને રાખીએ, નેણુંમે પ્રોઈને...જ.૫

**પદ :૩**

નટવર જમુનાના નીરમાં, ન્હાય છે નવરંગી;
મુખ જોઈ મોહનલાલનું, ત્રિય ગોપ ઉમંગી....ન.
રમે રમાડે સાથનો, કર નીર ઉછાળે;
કાંઠે ઉભી કામની, ભાવે મુખ ભાળે...ન.૨
દેવ વજાડે દુંદભિ, જય શબ્દ ઉચ્ચારે;
રસિક પિયાની મૂર્તિ, અંતરમાં ધારે...ન.૩
હસો હસાવે શ્યામળો, દેવત કર તાળી;
લાગે છે નંદલાલની, સુરત રૂપાળી...ન.૪
આગે નાચે અપ્સરા, કર તાલ બજાવે;
બ્રહ્માનંદના નાથને, મળી દેવ વધાવે...ન.૫

**પદ : ૪**

સ્નાન કરીને શામળા, આવો જળ બારા;
અંગે લૂઈને કોરું કરું, પ્રીતમજી પ્યારા...સ્ના.૧
આવીનો ઉભા રહો, જળ કેરે તીરે;
ઘસી ચંદન રાખ્યું ઘણું, કરું લેપ શરીરે...સ્ના.૨
સર્વ સખાના સાથનો, હેત કરી હેરો;
કાજુ જરકરી કોરનું, પીતાંબર પહેરો...સ્ના.૩
બહુ વિધિ પાક બનાવિયા, રસડાની રીતે;
આવી જમો અલબેલડા, પીરસું હું પ્રીતે...સ્ના.૪
મુનિવર જોવા આવિયા, જળક્રીડા તારી;
વદન કમળ છબી ઉપરે, બ્રહ્માનંદ બલિહારી...સ્ના.૫

**શ્રીહરિની જળઝીલણી એકાદશીની ઉજવણીની પરંપરા સંપ્રદાયમાં આજે પણ ભવ્ય રીતે પળાય છે. અસ્તુ**



# સત્સંગ સમાચાર



**દાંદા (આમોદ)** મુકામે પૂ.ભક્તિસ્વરૂપદાસજી સ્વામી (નાહિયેર ગુરૂકુલ)ની પ્રેરણાથી નૂતન મંદિર ખાતમૂર્હત પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો, યજમાનશ્રીઓ એવં ભક્તજનો. **તા. ૨૫/૬/૨૦૧૭**



**પેટલાદ** મુકામે નારાયણ સંસ્કૃત પાઠશાળામાં બ્રાહ્મણ બાળકોને ચોપડા વિતરણ કરતાં આ.કો.શ્રી સંત સ્વામી. **તા.૧૧/૭/૨૦૧૭**



**સુરત રામપુરા** મુકામે કો.શ્રી હરિજીવનદાસજી સ્વામી એવં પ.પૂ.સદ્.શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી(વેડરોડ ગુરૂકુલ)ની પ્રેરણાથી આયોજીત શ્રી ભક્તચિંતામણી હોમાત્મક યજ્ઞ પ્રસંગે ઉપસ્થિત પૂ.શ્વેત સ્વામી, પૂ.નારાયણસ્વરૂપ સ્વામી એવં પૂ.સંતો, યજમાનો તથા ભક્તજનો. **તા.૧૯ થી ૨૧/૭/૨૦૧૭**



**સાળંગપુરધામ** મુકામે પ.પૂ.સદ્.કો.શ્રી વિષ્ણુપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણાથી આયોજીત શ્રાવણ માસ નિમિત્તે કથા પારાયણ પ્રસંગે ઉપસ્થિત વક્તાશ્રી પૂ.કિર્તનસાગર સ્વામી -સાળંગપુર,પૂ.પ્રિયદર્શન સ્વામી - પીજ તથા કો.શ્રી વિવેકસાગર સ્વામી એવં ભક્તજનો. **તા.૨૪/૭/૨૦૧૭**



**સુરત સરદાર સ્મૃતિ ભુવન** મુકામે પ.પૂ.સદ્.શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામીની પ્રેરણાથી રાખોલીયા પરિવાર દ્વારા આયોજીત શ્રીમદ્ સત્સંગીજીવન કથા પારાયણ પ્રસંગે ઉપસ્થિત ચેરમેન શ્રી દેવસ્વામી, પૂ.સંતો એવમ્ હરિભક્તો **તા. ૨૬ થી ૩૦/૭/૨૦૧૭**



**સંજાયા (વડતાલ)** મુકામે પ.પૂ.સદ્.શ્રી નૌતમપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણાથી આયોજીત શ્રાવણ માસ નિમિત્તે કથા પ્રસંગે ઉપસ્થિત વક્તાશ્રી પૂ.વિનયપ્રકાશ સ્વામી, પૂ.નયનપ્રકાશ સ્વામી તથા ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી એવં ભક્તજનો **તા.૨૭ થી ૩૦/૭/૨૦૧૭**



**સાળંગપુરધામ** મુકામે પ.પૂ.સદ્.કો.શ્રી વિષ્ણુપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણાથી આયોજીત પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ફળોનો અન્નકૂટ **(૨૯/૭/૨૦૧૭)** તથા ડ્રાયફૂટ અન્નકૂટના **(૫/૮/૨૦૧૭)** પ્રસંગે આરતી કરતાં કો.શ્રી વિવેકસાગરદાસજી સ્વામી એવં દર્શનાર્થી ભક્તોની ભીડ.



**ગોધરા** મુકામે સત્સંગ સમાજ દ્વારા આયોજીત પ.પૂ.આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીનાં બાવનમા (૫૨) જન્મદિન પ્રસંગે ઉપસ્થિત પૂ.શ્રી નૌતમપ્રકાશ સ્વામી, પૂ.કે.કે.શાસ્ત્રી સ્વામી, પૂ.વિશ્વવલ્લભ સ્વામી - પીજ, પૂ.શ્રીરંગ સ્વામી- વડોદરા, પૂ.વિજય સ્વામી - ડાકોર વગેરે પૂ.સંતો એવં ભક્તજનો. **તા.૨૯/૭/૨૦૧૭**



**સેવાલીયા (ઠાસરા)** મુકામે શ્રાવણમાસ-એકાદશી નિમિત્તે સત્સંગ સભામાં કથામૃતનો લાભ આપતાં આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.આત્મપ્રકાશ સ્વામી, પૂ.નિર્ગુણ સ્વામી તથા ઉપસ્થિત ભક્તસમુદાય. **૩/૮/૨૦૧૭**



**નરસંડા (વડતાલ)** મુકામે પ.પૂ.સદ્.શ્રી નૌતમપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણાથી આયોજીત શ્રાવણમાસ નિમિત્તે ત્રિદિનાત્મક કથા પ્રસંગે ઉપસ્થિત બંને વક્તાશ્રી પૂ.વિનયપ્રકાશ સ્વામી, પૂ.નયનપ્રકાશ સ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી,પૂ.ગુણસાગર સ્વામી (વિરસદ) તથા ભક્તસમુદાય. **તા.૩ થી ૫/૮/૨૦૧૭**




**ખંભાત** મુકામે કો.શ્રી પૂ.ન્યાલકરણ સ્વામી દ્વારા આયોજીત ભવ્ય હીરના હિંડોળા ઉત્સવ.




**મેતપુર** મુકામે પૂ.ગોવિંદ સ્વામી દ્વારા આયોજીત વિવિધ હિંડોળા દર્શન.



**વિરસદ** મુકામે કો.શ્રી કેશવચરણ સ્વામી દ્વારા આયોજીત હિંડોળા દર્શન.



**ધોલેરા** મુકામે કો.શ્રી હરિચરણ સ્વામી દ્વારા આયોજીત થર્મોકોલના હિંડોળા ઉત્સવ.




**ભરૂચ** મુકામે કો.શ્રી પુરૂષોત્તમ સ્વામી (પાટીલ સ્વામી) દ્વારા આયોજીત પુષ્પ તથા વિવિધ સામગ્રીનાં હિંડોળા દર્શન






**ઘાટકોપર** મુંબઈ મુકામે કો.શ્રી અક્ષરપ્રસાદ સ્વામી દ્વારા આયોજીત સૂકામેવા , શાકભાજી વગેરે હિંડોળા ઉત્સવ.




**મુંબઈ ભુલેશ્વર** મુકામે કો.શ્રી ઘનશ્યામપ્રકાશ સ્વામીની પ્રેરણાથી પૂષ્પ તથા વિવિધ હિંડોળા ઉત્સવ.



**ગોધરા** મુકામે સત્સંગ સમાજ દ્વારા આયોજીત રૂપિયાનાં હિંડોળા દર્શન.



**સુરત રામપુરા** મુકામે કો.શ્રી હરિજીવન સ્વામી દ્વારા આયોજીત ચોકલેટ તથા પુષ્પના હિંડોળા ઉત્સવ.



**કલાલી** મુકામે પૂ.પવન સ્વામી દ્વારા આયોજીત સૂકામેવા - અનાજ કઠોરના હિંડોળા દર્શન.



**મુંબઈ ભાયંદર** મુકામે સત્સંગ સમાજ દ્વારા આયોજીત હીરના હિંડોળા દર્શન.



**પીજ** મુકામે પૂ.વિશ્વવલ્લભ સ્વામી દ્વારા આયોજીત થર્મોકોલના હિંડોળા દર્શન.




**સાળંગપુર** મુકામે કો.શ્રી વિષ્ણુપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણાથી વાંસનાં હિંડોળ દર્શન.



**સેવાલીયા** મુકામે સત્સંગ સમાજ દ્વારા આયોજીત મોતી તથા કઠોળનાં હિંડોળા દર્શન.



**સુરત ઘનશ્યામનગર** મુકામે પૂ.નિલકંઠસ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત ચોકલેટના હિંડોળા દર્શન.



ઉમરેઠ મુકામે કો.શ્રી રઘુવીરચરણ સ્વામી દ્વારા આયોજીત રૂપિયાની નોટોનાં હિંડોળા દર્શન.



વાસદ મુકામે કો.શ્રી કે.કે.શાસ્ત્રી સ્વામી દ્વારા આયોજીત વિવિધ હિંડોળા દર્શન.



સુરત રૂસ્તમબાગ મુકામે કો.શ્રી વિશ્વવલ્લભદાસજી સ્વામીની પ્રેરણાથી ચમચીઓના હિંડોળા દર્શન એવં ઉદ્‌ઘાટન.

## નમ્ર નિવેદન

જય શ્રી સ્વામિનારાયણ સહ જણાવવાનું કે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની શ્રી લક્ષ્મીનારાયણદેવ દેશના (વડતાલ-ધોલેરા-ગઢપુર-જૂનાગઢ)ના સૌ સંતો-ભક્તોને નમ્ર નિવેદન છે કે, **વડતાલ વિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજની અસીમ કૃપા એવં પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજીના સાનિધ્યમાં તથા આશીર્વાદ સાથે ઉજવાતા સત્સંગ લક્ષી ઉત્સવ સમૈયાના સમાચાર વડતાલ મંદિરમાં vadtaldhamvikas@gmail.com પર મોકલી આપવા.**

આપશ્રી દ્વારા આયોજીત ઉત્સવ **સમૈયાની જાહેરાત** માટે ઉત્સવ પહેલા બેનર બનાવી ઉપરના ઈમેઈલ પર મોકલીને નીચેના મોબાઈલ નંબર પર જાણ અવશ્ય કરવી.

અને ઉત્સવ પૂર્ણ થયા બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એવં વડીલ સંત સભા વગેરેના ફોટોગ્રાફ સિલેક્ટ કરી ટૂંકી માહિતી સાથે **શ્રી વડતાલધામ સત્સંગ મેગેઝીન એવં વેબસાઈટ** માટે ઉપરના ઈમેલ પર અચૂક મોકલીને નીચેના નંબર પર અવશ્ય જાણ કરશોજી.

**પૂ. શ્યામવલ્લભ સ્વામી - ૯૯૨૫૨ ૦૫૬૧૧**     **શ્રી નિકીત ભગત - ૯૫૫૮૯ ૨૨૧૨૪**

## આજીવન ગ્રાહકો માટે ખાસ નોંધ

શ્રી સ્વામિનારાયણ મંદિર - સંસ્થાન વડતાલ દ્વારા દર મહિને પ્રકાશિત થતા **"શ્રી વડતાલધામ સત્સંગ"** માસિકના આજીવન ગ્રાહકોને જણાવવાનું કે જે કોઈ ભાઈ કે બહેનને **લવાજમ ભર્યે ૨૦ વર્ષ કે તેથી વધુ મુદત થઈ હશે તેવા ગ્રાહક નં. X-7571** - જુલાઈ સુધીના તમામ ગ્રાહકોના અંક વ.ટે.મે.ટ્ર. બોર્ડની તા. ૧૫-૩-૨૦૧૪ની મિટીંગના ઠરાવ નં.-૧૩ મુજબ **બંધ કરવામાં આવેલ છે.** જેની નોંધ લેવી. જે કોઈ ભાઈ કે બહેનને સદર માસિકના અંક ચાલુ રાખવા હશે તેમને નવેસરથી લવાજમ ભરવાનું રહેશે.

## શ્રી હરિકૃષ્ણ મહારાજ આદિ દેવોને થાળ તથા સંતોને રસોઈની યાદી -જુલાઈ - ૨૦૧૭

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૧-૭-૨૦૧૭ | વડતાલ | શા.સ્વા.નૌતમપ્રકાશદાસજી જન્મ દિવસ નીમીતે હ.શિષ્ય મંડળ | ગોળના ચુરમા લાડુ |
| ૨ | ૧-૭-૨૦૧૭સાંજે | વડતાલ | કે.એન.શાસ્ત્રી સ્વામી નવા મકાન નીમીતે | રસોઈ |
| ૩ | ૨-૭-૨૦૧૭ | બાયડ | અ.નિ.કકુંબેન રણછોડભાઈ પટેલ<br>હ.દુષ્યંતભાઈ પ્રદિપભાઈ પટેલ પ્રે.પા.પરેશભગત | ચુરમા લાડુ |
| ૪ | ૩-૭-૨૦૧૭ | વડોદરા | રમણભાઈ ભટ્ટ | મૈસુબ |
| ૫ | ૫-૭-૨૦૧૭ | મુંબઈ | અ.નિ.જયંતભાઈ ઈશ્વરભાઈ અજમેરા હ.શા.સ્વા.નૌતમપ્રકાશદાસજી | ચુરમા લાડુ |
| ૬ | ૬-૭-૨૦૧૭ | વડતાલ | અ.નિ.શા.સ્વા.રઘુવીરચરણદાસ ગુ.હરિકૃષ્ણદાસજીની સ્મૃતિમાં હ.રામકૃષ્ણ સ્વામી તથા લોકેશ સ્વામી | ગોળના ચુરમા લાડુ |
| ૭ | ૬-૭-૨૦૧૭સાંજે | છોટાઉદેપુર | રાજમાતા નિર્મલકુમારીજી વિરેન્દ્રસિંહજી તથા મહારાજા ઐશ્વર્યપ્રતાપસિંહજી હ.લોકેશ સ્વામી | દાળબાટી |
| ૮ | ૯-૭-૨૦૧૭ | મેતપુર | અ.નિ.વસંતલાલ મંગળદાસ મુખી, જયંતિભાઈ વસંતભાઈ મુખી હ.મુખી પરિવાર પ્રે.ગોવિંદ સ્વામી | શિંખડપુરી/સાટા |
| ૯ | ૧૦-૭-૨૦૧૭ | તેલોદ | મધુભાઈ શંકરભાઈ પટેલ હ.યોગેશ્વર સ્વામી - રામેશ્વરવાળા | સાટા/જલેબી |
| ૧૦ | ૧૧-૭-૨૦૧૭ | આટકોટ સુરત | નરેશભાઈ જયંતિભાઈ ખોખરીયા હ.સુવ્રતજીવન સ્વામી | ગોળના ચુરમા લાડુ |
| ૧૧ | ૧૯-૭-૨૦૧૭ | નડીયાદ | કમલેશભાઈ પટેલ લગ્ન તીથી નીમીતે હ.મુખ્યકોઠારીશ્રી | મગસ ચકતા |
| ૧૨ | ૨૨-૭-૨૦૧૭ | વડતાલ | અ.નિ.સ.ગુ.કો.સ્વા.નારાયણમુનીદાસજીની પુણ્ય તિથી નિમિત્તે<br>અ.નિ.મુળજીભાઈ દયાલજીભાઈ પટેલ<br>દાદા હ.સમીરભાઈ પ્રે.જગદીશ સ્વામી તથા નારણસ્વરૂપદાસજી સ્વામી | બુન્દીલાડુ |
| ૧૩ | ૨૩-૭-૨૦૧૭ | આમલારી | મીઠાલાલ પુનમજી સુથાર હ.ગોવિંદ સ્વામી - મેતપુરવાળા (રાજસ્થાન) | વેઢમી |
| ૧૪ | ૨૪-૭-૨૦૧૭ | વિદ્યાનગર | લલિતકુમાર ઉજમસીભાઈ ગાંધી હ.મુખ્યકોઠારીશ્રી | ઘારી |
| ૧૫ | ૨૯-૭-૨૦૧૭ | ટીંબરવા | અ.નિ.ત્રિભોવનભાઈ દાજીભાઈ પટેલ તથા અ.નિ.શારદાબેન છોટાભાઈ પટેલ<br>હ.ઘનશ્યામભાઈ છોટાભાઈ પટેલ પ્રે.સંત સ્વામી - ચાણોદવાળા | મોતૈયાલાડુ |
| ૧૬ | ૩૦-૭-૨૦૧૭ | અમદાવાદ | પ્રકાશભાઈ ગજ્જર હ.મુખ્યકોઠારીશ્રી | મોહનથાળ |
| ૧૭ | ૩૧-૭-૨૦૧૭ | વલાસણ | પિનલભાઈ પટેલ હ.મુખ્યકોઠારીશ્રી | મોતૈયાલાડુ |

## વડતાલ સંસ્થાન દ્વારા ચાલતુ ફરતુ દવાખાનું

| તારીખ | ગામ (જુલાઈ - ૨૦૧૭) | સંખ્યા |
|---|---|---|
| ૦૩/૦૭/૧૭ | વડતાલ મંદિર,મોતીપુરા,મહુપુરા,<br>ખોડિયાર નગર, સ્વામિ.નગર,રાજનગર | ૩૬ |
| ૦૪/૦૭/૧૭ | લાડકૂઈ,પાંચલીપુરા,સૈજપુરા,ધોરીકૂવા | ૮૧ |
| ૦૫/૦૭/૧૭ | વડતાલ,શંકરપુરા,શ્રીજીપુરા,કૃષ્ણનગર | ૪૪ |
| ૦૬/૦૭/૧૭ | ચકલાસી, વિજયનગર,ભગવાનપુરા | ૪૨ |
| ૦૭/૦૭/૧૭ | બામરોલીસીમ, પ્રકાશનગર, આનંદપુરા | ૩૯ |
| ૦૮/૦૭/૧૭ | ચકલાસી, જાદવપુરા,ભગવાનપુરા | ૪૭ |
| ૧૦/૦૭/૧૭ | વડતાલ મંદિર,મોતીપુરા,મહુપુરા,<br>ખોડિયાર નગર, સ્વામિ.નગર,રાજનગર | ૩૦ |
| ૧૧/૦૭/૧૭ | લાડકૂઈ,પાંચલીપુરા,સૈજપુરા,ધોરીકૂવા | ૬૭ |
| ૧૨/૦૭/૧૭ | વડતાલ,શંકરપુરા,શ્રીજીપુરા,કૃષ્ણનગર | ૩૬ |
| ૧૩/૦૭/૧૭ | ચકલાસી, વિજયનગર,ભગવાનપુરા | ૩૬ |
| ૧૪/૦૭/૧૭ | બામરોલીસીમ, પ્રકાશનગર, આનંદપુરા | ૩૫ |
| ૧૫/૦૭/૧૭ | ચકલાસી, જાદવપુરા,ભગવાનપુરા | ૧૩ |
| ૧૭/૦૭/૧૭ | વડતાલ મંદિર,મોતીપુરા,મહુપુરા,<br>ખોડિયાર નગર, સ્વામિ.નગર,રાજનગર | ૨૭ |

| તારીખ | ગામ (જુલાઈ - ૨૦૧૭) | સંખ્યા |
|---|---|---|
| ૧૮/૦૭/૧૭ | લાડકૂઈ,પાંચલીપુરા,સૈજપુરા,ધોરીકૂવા | ૭૯ |
| ૧૯/૭/૧૭ | વડતાલ,શંકરપુરા,શ્રીજીપુરા,કૃષ્ણનગર | ૨૮ |
| ૨૦/૦૭/૧૭ | ચકલાસી, વિજયનગર,ભગવાનપુરા | ૩૨ |
| ૨૧/૭/૧૭ | બામરોલીસીમ, પ્રકાશનગર, આનંદપુરા | ૪૩ |
| ૨૨/૦૭/૧૭ | ચકલાસી, જાદવપુરા,ભગવાનપુરા | ૫૦ |
| ૨૪/૦૭/૧૭ | વડતાલ મંદિર,મોતીપુરા,મહુપુરા,<br>ખોડિયાર નગર, સ્વામિ.નગર,રાજનગર | ૨૫ |
| ૨૫/૦૭/૧૭ | લાડકૂઈ,પાંચલીપુરા,સૈજપુરા,ધોરીકૂવા | ૩૭ |
| ૨૬/૦૭૧૭ | વડતાલ,શંકરપુરા,શ્રીજીપુરા,કૃષ્ણનગર | ૩૪ |
| ૨૭/૦૭/૧૭ | ચકલાસી, વિજયનગર,ભગવાનપુરા | ૩૨ |
| ૨૮/૭/૧૭ | બામરોલીસીમ, પ્રકાશનગર, આનંદપુરા | ૪૬ |
| ૨૯/૦૭/૧૭ | ચકલાસી, જાદવપુરા,ભગવાનપુરા | ૪૩ |
| ૩૧/૦૭/૧૭ | વડતાલ મંદિર,મોતીપુરા,મહુપુરા,<br>ખોડિયાર નગર, સ્વામિ.નગર,રાજનગર | ૨૫ |
| | કુલ | ૧૦૦૭ |




## નૂતન વર્ષનાં કેલેન્ડર પ્રકાશીત થઈ રહ્યાં છે.
## શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા

શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી લક્ષ્મીનારાયણદેવની સુંદર નયન રમ્ય મૂર્તિનાં કેલેન્ડરમાં પોતાનાં વ્યવસાય, બિઝનેસ, કંપની,એજન્સીવગેરેની જાહેરાત મૂકવા ઈચ્છતા ભક્તોએ વધુ જાણકારી માટે નીચેનાં નંબર પર સંપર્ક કરવો.

(૦૨૬૮)૨૫૮૯૭૨૮/૭૭૬-૭૨૦૩૦૯૨૬૨૦



## વડતાલધામ

### દર મહિનાના પહેલા રવિવારે

# રવિ સભા



**સમય : સાંજે ૪:૦૦ થી ૬:૦૦**

**નોંધ :- વડતાલધામ રવિસભામાં દરેક સત્સંગી ભાઈઓ-બહેનોએ સત્સંગ-કથાવાર્તા-દર્શનનો લાભ લેવા સહપરિવાર અવશ્ય પધારવું.**

**સંપર્ક :- ૦૨૬૮-૨૫૮૯૭૨૮/૭૭૬ કોઠારીશ્રી ઓફીસ**

## આગામી પાટોત્સવઓના યજમાનશ્રીઓને જાણજોગ

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલના પાટોત્સવ યજમાન પદ માટે ડીપોઝીટની રકમ નક્કી કરવા અને સમય મર્યાદા નક્કી કરવા બાબત.

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલમાં પાટોત્સવો ઉજવવામાં આવે છે. હરિભક્તો શ્રધ્ધા સાથે વર્ષો પહેલા પાટોત્સવ નોધાવે છે. પરંતુ જે તે સમયે અનિવાર્ય કારણોસર યજમાન પદની સેવા રદ થવાથી પાટોત્સવ બાબતે વ્યવસ્થામાં મુશ્કેલી પડે છે. તેથી આ માટે નીચે મુજબની ડોપોઝીટની રકમો નિયત કરવામાં આવે છે.

૧. કારતસુદ - ૧૨- રૂા. ૩,૦૦,૦૦૦/- શ્રી હરિકૃષ્ણ મહારાજ,શ્રી લક્ષ્મીનારાયણ આદિ દેવોનો પાટોત્સવ
૨. ચૈત્ર સુદ - ૯- રૂા.૨,૦૦,૦૦૦/- શ્રી હરિજયંતિ પાટોત્સવ
૩. ચૈત્ર વદ-૭- રૂા. ૧,૦૦,૦૦૦/- શ્રી રણછોડજી પાટોત્સવ

ઉપર મુજબની ડીપોઝીટોની રકમો આજથી છ માસમાં જમા કરાવવાનું ઠરાવવામાં આવે છે. જો છ માસમાં ડીપોઝીટ જમા ન થઈ શકે તો પાટોત્સવના યજમાન પદ માટેની નોંધણી આપોઆપ રદ થઈ જશે તેમ ઠરાવવામાં આવે છે અને આ બાબતની પ્રસિધ્ધિ સત્સંગ માસીકમાં કરવાનું ઠરાવવામાં આવે છે. તથા હવે પછી જે બધા જ પાટોત્સવની નોંધ ડીપોઝીટ પાવતીના આધારે નોંધવામાં આવશે.


જય શ્રી સ્વામિનારાયણ
www.vadtalmandir.org
શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા પ્રસારીત
તમામ સમાચાર જાણવા માટે આજે જ મુલાકાત લો ..
મંગળા, શણગાર, રાજભોગ, સંધ્યા, શયન આરતી દર્શન
લાઇવ દર્શન
ફોટો ગેલેરી
વીડીયો ગેલેરી
ઓડિયો ગેલેરી
પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ફોટોગ્રાફ સાથે વિશેષ માહિતી
આચાર્ય મહારાજશ્રી ડેસ્ક
આગામી કાર્યક્રમોની માહિતી
વડતાલધામ સત્સંગ માસિક અંકો
વડતાલ સંસ્થાન દ્વારા થતા વિકાસ કાર્યોની ઝલક તથા એક્ટીવીટી
વડતાલધામ ડેઈલી દર્શન મોબાઇલ એપ્લીકેશન
Get it on Google play
Available on the App Store
vadtaldhamvikas@gmail.com
+91 990 901 5500
www.vadtalmandir.org


જય શ્રી સ્વામિનારાયણ
Join Our Social Media & Get Latest Update
YOU TUBE @vadtalmandir
FACEBOOK @vadtalmantdir
WHATSAPP 99090 15500
www.vadtalmandir.org
vadtaldhamvikas@gmail.com
INSTAGRAM @vadtalmandir
GOOGLE PLUS @vadtalmandir
TWITTER @vadtalmandir


જય શ્રી સ્વામિનારાયણ
DOWNLOAD APP &
STAY CONNECTED
DAILY DARSHAN | E-MUSEUM | VIDEO DARSHAN
PHOTO GALLERY | UPCOIMG MAHOTSAV
MANDIR PARISAR | E-MAGAZINE | E-LIBRARY
AVALIBLE ON
Get it on Google play
Available on the App Store
Published by: Shree Swaminarayan Mandir - Vadtal | www.vadtalmandir.org

## વડતાલ પિઠાધીપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ ઉજવાતા સંપ્રદાયના આગામી કાર્યક્રમો

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ સપ્ટેમ્બર | વડતાલધામ | વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | જલઝીલણી મહોત્સવ |
| ૨ | ૭ થી ૧૧ સપ્ટેમ્બર ૨૦૧૭ | ઋષિકેશ (ઉત્તરાખંડ) | પ.પૂ.સ.ગુ.શ્રી રઘુવીરચરણદાસજી સ્વામી દ્વારા આયોજીત પ.પૂ.શા.શ્રી હરિગુણદાસજી સ્વામીના વક્તાપદે | પન્ચાહ પારાયણ |
| ૩ | ૧૭ થી ૨૩ ઓક્ટોમ્બર ૨૦૧૭ | હામાપુર (બગસરા) | પ.પૂ.વિશ્વવલ્લભ સ્વામીના વક્તાપદે | કથા પારાયણ |
| ૪ | ૨૧ થી ૨૮ ઓક્ટોમ્બર ૨૦૧૭ | નાના કલોદરાથી | પ.પૂ.શા.શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી પ.પૂ.સદ્.શ્રી ગોવિંદપ્રસાદ સ્વામીની પ્રેરણાથી (મેતપુર) | શ્રી સ્વા.વડતાલ અમદાવાદ, ભુજ સાયકલ યાત્રા |
| ૫ | ૨૫ થી ૨૯ ઓક્ટોમ્બ ૨૦૧૭ | જુનાગઢ | જુનાગઢ પ્રદેશના સંતો દ્વારા આયોજીત | શ્રી ગુણાતીતાનંદ અંતર્ધાન સાર્ધ શતાબ્દી મહોત્સવ |
| ૬ | ૨૫ થી ૩૧ ઓક્ટોમ્બર ૨૦૧૭ | ઉગલા (ગીર) | પ.પૂ.સતશ્રીના વક્તાપદે | કથા પારાયણ |
| ૭ | ૨૯ ઓક્ટો. થી ૪ નવેમ્બ.૨૦૧૭ | વડતાલધામ | વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | કાર્તિકી સમૈયો - ૧૯૨ મો પાટોત્સવ |
| ૮ | ૧૯ થી ૨૩ નવેમ્બર.૨૦૧૭ | ઈન્દોર (મધ્યપ્રદેશ) | પ.પૂ.સ.ગુ.શ્રી નીલકંઠચરણદાસજી સ્વામીની પ્રેરણાથી | શ્રી મંગલમૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ |
| ૯ | ૨૧ થી ૨૭ નવેમ્બર ૨૦૧૭ | વેજલપુર (ગોધરા) | પ.પૂ.શા.શ્રી અક્ષરવિહારીદાસજી સ્વામી દ્વારા આયોજીત પ.પૂ.સતશ્રીના વક્તાપદે | શતાબ્દી, રજત જયંતી મહોત્સવ |
| ૧૦ | ૩ થી ૯ ફેબ્રુઆરી ૨૦૧૮ | નાર (ગોકુળધામ) | પ.પૂ.શુકદેવપ્રસાદદાસજી સ્વામી દ્વારા આયોજીત | શ્રીજી ઐશ્વર્યધામ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ |

**શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામને આંગણે આયોજીત**

# જલઝીલણી મહોત્સવ

**૨ સપ્ટેમ્બર ૨૦૧૭, શનિવાર**

**સમય :- ૧૨:૦૦ થી ૦૪:૦૦**

આયોજક : શ્રી વડતાલ ટેમ્બલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતિ મુખ્ય કોઠારીશ્રી પ.પૂ.સ.ગુ.શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી



॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥



**શ્રી સ્વામિનારાયણ મંદિર**
**વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત**

# શરદોત્સવ



**૫ ઓક્ટોમ્બર ૨૦૧૭, પૂનમ**

**સમય :- રાત્રે ૦૮:૩૦ થી ૧૧:૩૦**




ગાયન એવં ઓર્કેસ્ટ્રા : ગુણાતીત યુવા સભા - કલાકુંજ સુરત

:: આયોજક ::

શ્રી વડતાલ ટેમ્બલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતિ મુખ્ય કોઠારીશ્રી પ.પૂ.સ.ગુ.શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી




**સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ**
**નોંધ : દરેક હરિભક્તોએ રાસનો ડ્રેસ પહેરીને આવવું**



**વડોદરા વાડી** મુકામે કો.શ્રી જગતપાવનદાસજી સ્વામી દ્વારા આયોજીત **ભવ્ય હિંડોળા ઉત્સવ**નું ઉદ્ઘાટન કરતાં ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, પૂ.નૌતમ સ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી વગેરે સંતો તથા ભક્તજનો. તા.૨૪/૭/૨૦૧૭



**વડતાલધામ** મુકામે **રક્ષાબંધન પર્વ - ૧૪ મી રવિસભા** એવં પુર હોનારતમાં અ.નિ.આત્માઓને **શ્રધ્ધાંજલી સભા** પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો, ટ્રસ્ટીશ્રીઓ, યજમાનશ્રી ચંદુભાઈ - મિત્રાલવાળા એવં વિશાળ ભક્તસમુદાય. તા.૬/૮/૨૦૧૭




# પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી

















# મહારાજશ્રી અમેરિકા એવં કેનેડાની સત્સંગયાત્રા


















RNI No. GUJ/GUJ/2010/38053. The Postal Regn. No. "G-KDA-86/2014-16" Valid

## વડતાલધામ મુકામે ભવ્ય હિંડોળા ઉત્સવ ઉદ્‌ઘાટન તથા ૧૩ મી રવિસભા પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો એવં હરિભક્તો. તા.૧૬/૭/૨૦૧૭























